Vol. 1 Oct-2023

**DAHOD ANAJ MAHAJAN SARVAJANIK EDUCATION SOCIETY**

**MANAGED**

**NAVJIAVN ARST AND COMMERCE COLLEGE DAHOD**

# Navjivan

**Multi - Lingual and Multi Disciplinary e journal**

https://navjivanac.com/

nacc_dahod@rediffmail.com

**Editor**

**Dr. H. K. Panchal**
**Vice principal**
**Navjivan Arts and Commerce College**
**Dahod**

**Chief Editor**

**Dr. B. R. Bodar**
**I/C Principal**
**Navjivan Arts and Commerce College**
**Dahod**

**Vol. 1 Oct- 2023**

**DAHOD ANAJ MAHAJAN SARVAJANIK EDUCATION SOCIETY**

**MANAGED**

**NAVJIAVN ARTS AND COMMERCE COLLEGE DAHOD**

# Navjivan

**Multi - Lingual and Multi Disciplinary e journal**

https://navjivanac.com
nacc_dahod@rediffmail.com

**Editor**

**Dr. H. K. Panchal**

**Vice principal**
**Navjivan Arts and Commerce College**
**Dahod**

**Chief Editor**

**Dr. B. R. Bodar**

**I/C Principal**
**Navjivan Arts and Commerce College**
**Dahod**

**NAVJIVAN**

Edited By:
I/C Principal Dr. B. R.Bodar
Dr. Haresh K. Panchal

-

-

-

-

-

-

-

-

-


| | | |
|---|---|---|
| (First Edition) | : | 2023 |
| Volume | : | OCT-2023 |
| Copy | : | 100 |
| Page | : | |
| Publisher | : | I/C Principal. Dr. B. R. Bodar<br>Navajivan Arts and Commerce College, Dahod |
| Editing & Formatting | : | Dr. Haresh K Panchal |

# Editorial Board:


- **Pro. Gautambhai G. Sangada**

  (Associate Professor Deptt. of Sanskrit, Navjivan arts and Commerce College Dahod)
- **Dr. Rizvana S. Saiyed**

  (Associate Professor Deptt. of Psychology Navjivan arts and Commerce College Dahod)
- **Dr. Neeta P. Modi**

  (Associate Professor Deptt. of English Navjivan arts and Commerce College Dahod)
- **Dr. Dinesh B. Muniya**

  (Associate Professor Deptt. of History Navjivan arts and Commerce College Dahod)
- **Pro. Bharatbhai K. Patel**

  (Associate Professor Deptt. commerce, Navjivan arts and Commerce College Dahod)
- **Pro. Anuradha M. Sharma**

  (Associate Professor Deptt. of Engalish, Navjivan arts and Commerce College Dahod
- **Dr. Aparna B. Agnihotri**

  (Assistant Professor Deptt. of Hindi , Navjivan arts and Commerce College Dahod)
- **Dr. L. K. Parmar**

  (Assistant Professor Deptt. of Ecomomics Navjivan arts and Commerce College Dahod)
- **Dr. Rachana R. Patel**

  (Assistant Professor Deptt. of Gujarati Navjivan arts and Commerce College Dahod)
- **Dr. Anil K. Khavdu**

  (Assistant Professor Deptt. of Hindi Navjivan arts and Commerce College Dahod)
- **Dr. Kamlesh Gayakwad**

  (Assistant Professor Deptt. of Gujarati, Navjivan arts and Commerce College Dahod)
- **Dr. Mukeshpuri Swami**

  (Assistant Professor Deptt. of Gujarati, Navjivan arts and Commerce College Dahod)
- **Dr. Dhaval Joshi**

  (Assistant Professor Deptt. of Gujarati, Navjivan arts and Commerce College Dahod)

**આચાર્યશ્રીની કલમે.......**

વર્તમાન સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે માનવવિદ્યાઓમાં જ્ઞાનનું ક્ષેત્ર પણ વિકસિત થયું છે. નવજીવન સામાયિકનો ઉદ્દેશ કોલેજકક્ષાએ સંશોધનકાર્યના વિકાસ, નવા અભિગમો મેળવવાનો રહ્યો છે. સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ વિવેચન, સંશોધન વિશેનું જ્ઞાન મેળવે અને લેખનમાં રસ કેળવે એ હેતુસર ઈ મેગેઝીનનો આરંભ કર્યો છે. શિક્ષણક્ષેત્રે નવા વિચારોને સ્થાન આપવા, વિવિધ વિષયો, ભાષાઓના અધ્યાપકો, સંશોધકોને આવકારું છું. 'નવજીવન' ઈ-મેગેઝીનનો સમૃદ્ધ અંક તૈયાર થયો છે. આવનારા અંકો માટે એમને શુભેચ્છાઓ પાઠવું છું. આશા રાખું છું કે, 'નવજીવન' ઈ-મેગેઝિનના આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ જોડાઈને સફળ બનાવશો.....

કા. આચાર્યશ્રી,

ડૉ.બી. આર. બોદર

નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ.

# સંપાદકીય.........

નવજીવન ઇ - મેગેઝિનના સંપાદક તરીકે પ્રથમ અંકના પ્રકાશનની ક્ષણે આનંદ અનુભવીએ છીએ. નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આદિવાસી બહુલ વિદ્યાર્થીઓ સાથે સંકળાયેલી આ સંસ્થામાં સંશોધનનો અભિગમ વિકશે એ હેતુસર નવજીવન ઇ - મેગેઝિન શરૂ થઈ રહ્યું છે. અમારી સંશોધક, વિવેચક, સંપાદક તરીકેની સંપૂર્ણ કાર્યદક્ષતા આપવાનો પ્રયત્ન કરીશું.

આ અંકમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઈતિહાસ વિષયના આઠ સંશોધન લેખો ગુણવત્તાના ધોરણે સમાવ્યા છે. દરેક સંશોધન લેખો આપવા બદલ સંશોધકો, અધ્યાપકોને અભિનંદન.

સુજ્ઞ વાચકો, આવનારો અંક વિષય વૈવિધ્યસભર અને સંશોધનના ઉત્તમ માપદંડોથી સભર રહેશે એવી આશા રાખીએ છીએ. આ પ્રસંગે અમારી નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદના આચાર્યશ્રી ડૉ.બી.આર.બોદર સાહેબ ઉપાચાર્યશ્રી ડૉ.એચ. કે. પંચાલ સાહેબ રિસર્ચ કમિટી કમિટીના સર્વે અધ્યાપકશ્રીઓ તેમજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદના સર્વે હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરીએ છીએ.

**સ્થળ**:- દાહોદ

**સંપાદક**
ડૉ. હરેશ પંચાલ
ઈતિહાસ વિભાગ
નવજીવન આર્ટ્સ & કોમર્સ કોલેજ,
દાહોદ

# Index


| Sr.no. | Name | Page |
|---|---|---|
| 1 | આઝાદી પછીના આંદોલનોમાં આરઝી હકુમત<br>ડૉ. હરેશભાઈ કે. પંચાલ | 1-3 |
| 2 | દક્ષિણ ગુજરાતનો વિસરાતો જતો લોકવારસોડેરાં ઊજવણી :<br>ડો. કમલેશ આર. ગાયકવાડ | 4-7 |
| 3 | શ્રી ગોવિંદ ગુરુ અને માનગઢ હત્યાકાંડ એક ઐતિહાસિક પરિપેક્ષ્યમા<br>ડામોર વરુણકુમાર વી | 8-10 |
| 4 | सुरेंद्र वर्मा की नाट्यकृतियों का कथ्य<br>डॉ. अवंती एस भाभोर | 11-14 |
| 5 | ભારતપાકિસ્તાનના યુદ્ધ વખતે અડીખમ રણછોડ પગી-<br>ડો. મયંકભાઈ ઠાકોરલાલ બારોટ | 15-16 |
| 6 | નવનિર્માણ આંદોલનના મૂળભૂત કારણો<br>ડો. માનસિહભાઈ મેધરાજભાઈ ચૌધરી | 17-18 |
| 7 | દાહોદ જિલ્લાના આદિવાસીઓમાં હોળીની પરંપરા<br>ડો. રાજેશકુમાર વી. ભાભોર | 19-21 |
| 8 | ADOLESCENT: PSYCHOSOCIAL OVERVIEW<br>Dr. Krutika shah | 22-27 |
| 9 | Legal Provisions of Right to Education<br>Sunilkumar.  S Salaniya | 28-31 |

# આઝાદી પછીના આંદોલનોમાં આરઝી હકુમત

**ડૉ. હરેશભાઈ કે. પંચાલ**
આસિ. પ્રોફેસર, ઈતિહાસ
નવજીવન આર્ટ્સ & કોમર્સ કોલેજ દાહોદ

---

**ભાષાવાર પ્રાંતરચનાની માંગ :**

દેશી રજવાડાંઓના વિલિનીકરણ બાદ તુરંત પ્રાદેશિક ભાષાવાર પ્રાંતરચનાની જરૂરિયાત અને માંગ વધતી ગઈ. આમ તો ભાષાવાર રાજ્ય રચનાની જરૂરિયાત રાષ્ટ્રીય મુક્તિ આંદોલન દરમિયાન જ શરૂ થઈ હતી.બ્રિટિશ સમયમાં બ્રિટિશ પ્રાંતોની રચના લશ્કરી હાર-જીતના આકસ્મિક અને કામચલાઉ ધોરણે થઈ હતી. તેની પાછળ કોઈ સૈદ્ધાંતિક ભૂમિકા ન હતી. તેમનો વહીવટ અંગ્રેજ ભાષામાં ચાલતો હતો. તેથી વહીવટના એકમ તરીકે ભાષાકીય એકમની રચનાની કોઈ જરૂરિયાત જ ઊભી થઈ ન હતી.

**ભાષાવાર પ્રાંતરચનાની જરૂરિયાત :**

"આ રાષ્ટ્રની એકતા અને અખંડતાનું મહત્વપૂર્ણ પાસું હતું. અંગ્રેજોનો ભારત પર વિજય ઓછામાં ઓછો સો વરસ ચાલ્યો. તેથી તેમણે ભારતીય પ્રદેશોની જે સીમાઓ બનાવી તે અસ્વાભાવિક અને અતાર્કિક હતી. તેમણે પ્રદેશોના નિર્માણમાં ભાષા કે સંસ્કૃતિની સમરૂપતાનું કોઈ ધ્યાન રાખ્યું ન હતું. તેથી વધુ રાજ્યો બહુભાષી અને બહુસંસ્કૃતિયુક્ત હતા. વચમાં દેશી રિયાસત અને રજવાડાઓએ પ્રાદેશિક વિભાજનને વધુ મુશ્કેલ અને મેળ વગરનાં બનાવ્યા હતા."

તેથી અંગ્રેજ સરકાર સમયે માત્ર વહીવટમાં કે અન્ય જગ્યાએ અંગ્રેજી ભાષા વપરાતી હતી. તેથી ભાષાવાદને ક્યાંય સ્થાન જોવા નહતું મળ્યું. અને તેમનો વાદ સત્તા સામે ચાલે પણ નહીં.

**ભાષાવાદ માટે જવાબદાર કારણો :**

ઐતિહાસિક કારણો જેવા કે બ્રિટિશ સમયમાં ઉત્તર અને પૂર્વના પ્રદેશોમાં વિશાળતા અને ભાષાને ધોરણે પ્રાંતરચના થઈ હતી. જ્યારે દક્ષિણ અને પશ્ચિમના પ્રદેશોમાં બહુભાષી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ઈ.સ. ૧૯૦૫માં બંગાળના ભાગલાને પરિણામે બંગભંગ આંદોલન થયું હતું. એનાથી લોકોની ભાષાકીય લાગણીઓ ઉગ્ર અને આખી બની હતી. તેનો પરચો ગોરી સરકાર અને દેશના રાષ્ટ્રીય નેતાઓને મળી ચુક્યો હતો. લોકલાગણીને કારણે અંગ્રેજ સરકારને બંગભંગના કાયદાને રદ કરવો પડ્યો હતો.

**સ્વાતંત્ર્ય સંગ્રામ પ્રથમ ભાષાકીય આંદોલન :**

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ભારતનું પ્રથમ ભાષાકીય આંદોલન એટલે બંગભંગના કાયદો રદ કરાવ્યો.જેમાં સફળતા મળી. વહીવટી દૃષ્ટિએ સગવડભર્યા એવા મોટા વિશાળકાય બંગાળ અને મદ્રાસ પ્રાંતોમાંથી ભાષાકીય ધોરણે અલગ પ્રાંતોની રચનાની માંગણી કરતી ઊડિયા સભા (૧૯૦૫) અને આંધ્ર મહાસભા – ૧૯૧૩ની રચના કરવામાં આવી.૧૯૨૦માં કોંગ્રેસે ભાષાવાર પ્રાંતરચનાની માંગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો. તેમાં ભાષાના ધોરણે પ્રાંતિક સમિતિનો રચવાનો સ્વીકાર કર્યો.૧૯૩૫માં કોંગ્રેસ જ સિંધ અને ઓરિસામાં રચના ભાષાના ધોરણે કરી.૧૯૩૭માં ચુંટણી ઢંઢેરામાં કોંગ્રેસે ભાષાવાર પ્રાંતરચનાની

માંગણીનો સમાવેશ કર્યો. આઝાદી બાદ દેશી રાજ્યોના વિલિનીકરણની પ્રક્રિયા પૂરી થતાં પ્રાદેશિક પુનર્રચના નવેસરથી કરવાની જરૂર પડી.ઉપરાંત મોટા બહુભાષી રાજ્યોનો વહીવટ અગવડભર્યા પુરવાર થયો હતો. (જરૂરિયાતો) તેથી તેનાં ફેરફાર કરવાનો સમય પાકી ગયો હતો.ગાંધીજીએ "હરિજનબંધુ" માં ૧૯૪૭માં લખ્યું કે "આચાર્ય શ્રી મન્નારાયણના પત્રના જવાબમાં હું કબુલ કરું છું કે જે કરવાલાયક કામ હોય તે કામ તરત કરવું જોઈએ. વિના કારણ ઢીલ કરવી ઠીક નથી. એથી નુકશાન થાય.પાપની સાથે આપણઓ સહકાર કદી ન હોય. આ છતાં ભાષાવાર પ્રાંતની વહેંચણી કરવાના કામમાં ઢીલ થાય છે. તેનું કારણ સમજી લેવું જોઈએ. એ કારણ આજનું બગડેલું વાતાવરણ છે. આજે જ્યાં જુઓ ત્યાં હરેક જણ પોતાનું જ જુએ છે. પોતાનું જ ખેંચે છે. દેશનું કોઈ જોતું નથી, ખેંચતું નથી. આખા દેશનો વિચાર કરનારા તેનું હિત સમજનારા છે તો ખરા, પણ એમનું સાંભળે છે કોણ ?પોતાનું જ વિચારી પોતાનું ખેંચનારા બુમરાણ મચાવી મૂકે છે. એટલે એમની વાત સૌ સાંભળે છે."

**સમસ્યાઓ વચ્ચે સરદાર અને વી.પી. મેનન :**

આપણે ઈતિહાસમાં જોઈએ કે સરદાર વલ્લભભાઈ પટેલ અને વી.પી. મેનનની સુઝબુઝથી દેશી રજવાડાંના પ્રશ્નોને ઉકેલી દેશને ચાર વિભાગમાં વહીવટ માટે વહેંચે છે.

**પ્રથમ શ્રેણી :**

આસામ, બિહાર, મધ્યપ્રદેશ, મુંબઈ, ઓરિસા, પંજાબ, ઉત્તરપ્રદેશ તથા પશ્ચિમ બંગાળ જેવા જૂના રાજ્યો મૂકવામાં આવ્યા.

**બીજી શ્રેણી :**

હૈદરાબાદ, જમ્મુ કાશ્મ્ર, મધ્ય ભારત, મૈસુર, પટિયાલા, પૂર્વ પંજાબના રજવાડાંનો સંઘ (પેપ્સુ), રાજસ્થાન, સૌરાષ્ટ્ર તથા ત્રાવણકોર, કોચીનનાં મોટાં રજવાડાં તથા દેશી રાજ્યોના પરસ્પર વિલિનીકરણથી ઊભા કરેલ સંઘને મૂકવામાં આવ્યા.

**ત્રીજી શ્રેણી :**

અજમેર, ભોપાલ, કુર્ગ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, કચ્છ, વિન્ધ્યપ્રદેશ, મણિપુર તથા ત્રિપુરાને મૂકવામાં આવ્યા.

**ચોથી શ્રેણી :**

અંદમાન-નિકોબાર દ્વિપસમૂહ મૂકવામાં આવ્યા.ચારેય ભાગોમાં રાજ્યોની રચનામાં આઝાદી, આકાર, ભાષાકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સંસાધનોમાં ઘણું અંતર હતું. તેની શાસન વ્યવસ્થા સંપૂર્ણ રીતે અસમાન હતી. આ ચાર શ્રેણીના વિભાજન પહેલાં પણ ભાષાવાર રાજ્ય રચનાની માંગણી થઈ હતી. પરંતુ દેશની તત્કાલીન પરિસ્થિતિ અને અનેક સમસ્યાઓનો નિવારણ સામે ભાષાવાર રાજ્ય રચનાના પ્રશ્નને પછી શાંતિથી ઉકેલવાનું કહી રાષ્ટ્રીય એકતા અને અખંડતાને ધ્યાનમાં રાખી લોકલાગણીને શાંત કરવામાં આવી હતી. છતાં ભાષાને આધારે અલગ રાજ્ય માટે આંધ્રપ્રદેશમાં વિરોધ શરૂ થયો હતો. આ વિરોધને દબાવવાની કોશિશ પણ કરવામાં આવી.પરંતુ કોઈ લાભ થયો નહતો. તેથી ભાષાવાર રાજ્ય

રચનાના પ્રશ્નની તપાસ કરવા અલ્હાબાદ બંધારણ સભાએ ૧૭ જૂન ૧૯૪૮ના રોજ અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ એસ.કે. ધારના નેતૃત્વમાં ઓડ કમિશન બનાવ્યું.૧૬ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ ધાર કમિશને આ પ્રશ્ન પર ઠંડું પાણી રેડતો અહેવાલ રજુ કર્યા.

**અહેવાલ :**

ભાષાકીય ધોરણે રાજ્ય રચનાનું કાર્ય શરૂ કરવામાં આવશે તો તેમાંથી ગંભીર અને ઉગ્ર મતભેદો ઊભા થશે. તેમાંથી વિખવાદો જન્મશે.

રાષ્ટ્રીય ભાવનાને ગંભીર ફટકો લાગશે તેથી હાલ પૂરતું તે મોકૂફ રાખવું. આ અહેવાલનો ઘણો વિરોધ થયો.

**સંદર્ભસૂચી**


1. અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, રાજગોર શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪

2. વિષ્ણુ પંડ્યા, સં. આરતી પંડ્યા, સ્વર્ણિમ ગુજરાતનાં ૫૦ વર્ષ, નવભારત સાહિત્યમંદિર, ૨૦૨,પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

# દક્ષિણ ગુજરાતનો વિસરાતો જતો લોકવારસો: ડેરાં ઊજવણી

**ડૉ.કમલેશ આર. ગાયકવાડ**
આધ્યાપક સહાયક,
ગુજરાતી વિભાગ,
નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ, જિ. દાહોદ.
(મો.) ૯૭૨૭૫૩૨૮૭૪

---

સહ્યાદ્રિ પર્વતમાળાના ઉત્તર ભાગમાં વસવાટ કરતા વારલી આદિવાસીઓનું સામાજિક, સાંસ્કૃતિક જીવન નોખું છે. જેમાં પરંપરાગત પાસાંઓને ધ્યાનમાં લઈએ તો, અનેક વિશેષતાઓ આપણને જોવા મળે છે. પ્રકૃતિ એમના જીવનનો મૂળ આધાર છે. આધુનિકતા – ટેક્નૉલૉજીનો પ્રસાર એમના પરંપરાગત જીવનમાં પ્રભાવ પાડી રહી છે.

દક્ષિણ ગુજરાતના મહારાષ્ટ્ર રાજ્યની સરહદને અડીને આવેલા વલસાડ જિલ્લાના કપરાડા પ્રદેશમાં વસવાટ કરતા આદિવાસીઓનું જીવન ઋતુચક્ર આધારિત છે. મોટાભાગનો રહેઠાણ પ્રદેશ ડુંગરાળ પ્રદેશમાં હોવાથી ખેતીલાયક જમીનો ઓછી છે. તેમજ ઢાળવાળી જગ્યાએ ખેતીલાયક જમીન હોવાથી બહુમત માત્રામાં ચોમાસાના વરસાદ આધારિત ખેતી કરવામાં આવે છે. ખેતી પણ પરંપરાગત પદ્ધતિએ કરવામાં આવે છે. હળ દ્વારા ખેડ કરવાની, સંઘરેલું અનાજમાંથી જ બિયારણ વાવવું, કોઈપણ પ્રકારના રાસાયણનો ઉપયોગ સિવાય ખેતીપાકો લેવામાં આવે છે. વર્તમાન સમયમાં આ પદ્ધતિ આધુનિકતાને કારણે પ્રભાવિત થઇ છે. હવે હળને બળદ જોડી ખેડ કરવાને બદલે ટ્રેક્ટર અને સાચવેલા બિયારણને બદલે બજારમાં તૈયાર મળતું બિયારણ વાવે છે. તેમજ વધુ ઉત્પાદન માટે જૈવિક ખાતર – છાણિયું ખાતરને બદલે રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધ્યો છે. આ પરિવર્તનમાં મૂળ ખેતી કરવાની પદ્ધતિ અને ધાન્યની સાત્વિકતામાં ઊણપ આવવા લાગી છે. જેનો સીધો પ્રભાવ વ્યક્તિના સ્વાસ્થ્ય પર વધ્યો હોવાનું વિજ્ઞાન પણ સ્વીકારે છે. આમ, ૨૧મી સદીના આ ત્રીજા દાયકામાં પણ પ્રકૃતિ પ્રત્યે સાચી નિસ્બત સેવનારા વારલી આદિવાસીઓમાં ખેતી, ધાન્ય, ઘર, ગામલોકો, પશુઓ, પક્ષીઓ આદિનું રક્ષણ થાય એ હેતુસર ઊજવવામાં આવતા ડેરાં ઉત્સવ વિશે અહીં અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો છે. જેમાં લોકકળા, લોકગીત અને સમૂહજીવનની ભાવના કેન્દ્રસ્થાને છે.

જન્મથી મૃત્યુ સુધીના પોતીકા સંસ્કાર પ્રસંગોથી એમનું લોકજીવન નોખું તરી આવે છે. જેમાં એમના દ્વારા વર્ષ દરમિયાન ઊજજવવામાં આવતા ઉત્સવો નોખી ભાત પાડે છે. જેનું મહત્વનું કારણ છે – પ્રકૃતિ સાથેનું અનુસ્યૂત જીવન. એમના જીવનચક્રમાં ચોમાસાનું મહત્વ વિશેષ છે. એકમાત્ર વરસાદ આધારિત ખેતી એમના જીવનનો મૂળ આધાર છે. ધાન્ય સંચય એજ તેમના જીવનનું એકમાત્ર લક્ષ્ય હતું. તે સમયે ચોમાસું પૂરું થતાં જ સૌથી પહેલો ઉત્સવ દશેરો અને પછી દિવાળી પૂર્વે વાઘબારસ - 'ડેરાં' ઉત્સવ ઊજવવામાં આવે છે.

'ડેરાં' એક વાદ્ય છે. જેના નામ ઉપરથી ડેરાં ઊજવણી તરીકે ઓળખાય છે. આ ઉત્સવ વાઘબારસના સાત દિવસ પૂર્વેથી ઊજવવાનું શરૂ થાય છે. આ ઉત્સવ વારલી અને કુંકણા બહેનો દ્વારા ઊજવવામાં આવે છે. જેમાં બહેનો, એક કોરું માટલું લઈ તેની અંદર દોરી બાંધવામાં આવે છે. તે દોરીને

મોરપીંછ બાંધવામાં આવેલું હોય છે. તે દોરીને ખેંચતાં તેમાંથી ભમરાના ગૂંજન જેવો અવાજ આવે છે. તેના સૂરે બહેનો ગીતો ગાય છે. આ ગીતો ગામ કે ફળિયાના દરેક ઘરે સાંજના સમયે કોઢારાના બારણા પાસે ગાવામાં આવે છે. જેમાં ગાય, બકરાં, બળદ અને પશુઓની પૂજાનો આશય સમાયેલો છે. તેથી દરેક ઘરેથી ડેરાં સમૂહમાં ફરતી બહેનોને અનાજ આપવામાં આવે છે. ડેરાં એ વાઘબારસની સાથે સંકળાયેલો પ્રસંગ છે. વારલીઓ પરંપરાગત રીતે વાઘબારસની ઊજવણી કરે છે. આ સંદર્ભે ડૉ.કમલેશ ગાયકવાડ નોંધે છે તેમ; "વારલી વસવાટના દરેક ગામના પશુ – પક્ષીઓને વાઘ નુકશાન ન કરે એ આશય સાથે વાઘદેવની પૂજા કરવામાં આવે છે. વાઘદેવની મૂર્તિ પથ્થર ઉપર શ્રદ્ધાપૂર્વક સિંદૂરની નિશાની – તિલક કરેલી હોય છે. દર વર્ષે વાઘબારસે ગામના ગોવાળો પશુઓને વાઘદેવ પાસે ભેગાં કરી વાઘદેવની પૂજા કરે છે. ત્યાં દૂધમાં ચોખા રાંધવામાં આવે છે. તે પશુઓ ઉપર છાંટવામાં આવે છે. રાંધેલા ચોખામાં મીઠું નાંખવામાં આવતું નથી. રાંધીને વધેલા ચોખા ત્યાં જ ખાવામાં આવે છે, તે ઘરે લઇ જવામાં આવતા નથી."[૧] ડાંગ વિસ્તારમાં ડેરાં ઊજવણી સંદર્ભે શ્રી દત્તાત્રય ભાસ્કર ચિતળે નોંધે છે કે, "વાઘબારસના દિવસે વાઘ – દેવની પૂજા કરવામાં આવે છે. વાઘદેવને નાળિયેર કે મરઘાં ચઢાવવામાં આવે છે. વાઘદેવ સાથે નાગદેવ, મોર, સૂર્યદેવ અને ચંદ્રદેવની પણ પૂજા કરવામાં આવે છે. આ તહેવાર આદિવાસી સ્ત્રીઓ આ રીતે મનાવે છે. બહેનો એક મોટું માટલું લે છે; તેને અંદરના ભાગના મધ્યમાં દોરીથી મોરપીંછ બાંધી તે વગાડે છે. તેનો અવાજ થાય તેના સાથમાં વાઘદેવનું ગીત બહેનો ગાય છે. આ વાદ્યને ડાંગી લોકો 'ડેરો' કહે છે.'[૨] ડાંગથી શરૂ થતી અને ઉમરગામ સુધી વિસ્તરતી સહ્યાદ્રિ પર્વતમાળાના ઉત્તર અને દક્ષિણ ભાગમાં વારલીઓ વસવાટ કરે છે. દોઢસો – બસો કિલોમીટર લાંબી પટ્ટીમાં અનેક મોટા ડુંગરો છે. તેથી વારલીઓમાં પણ પેટા પ્રદેશ ભેદ પડે છે. અહીં કપરાડાથી પશ્ચિમ ભાગમાં વસવાટ કરતા વારલીઓમાં પ્રચલિત 'ડેરાં' ઊજવણીનું ગીત વારલી બહેનો દ્વારા ગવાય છે. તે આ પ્રમાણે છે;

**"અરે અરે મૉર રે...(૨)**
**તુજી ભૂરનરે કોટ રે...(૨)**
**આહે કેવાળે રે ભાટે રે...(૨)**
**એળુ જાળીચી ડાંડી વઅ...(૨)**
**દિલી ભક્તાંચે હાતીં વઅ...(૨)**
**લૉટે આળીચી તાર વઅ..(૨)**
**લૉટે આળીચી બાંગડી વઅ...(૨)**
**લૉટે આળીચી ગાંઠી વઅ..(૨)**
**માંડવીચે તુંબઅ બાઈ વઅ..(૨)**
**સેવુળે મોરાચે પીસાં વઅ..(૨)**
**દિલી ભક્તાંચે હાતીં વઅ..(૨)**
**ભક્તાનાં વ બનાવેલી ઘાંઘળી...(૨)"**[૩]

(મૉરપીંછ બાંધેલી લાકડીથી માટલાનું વાદ્ય બનાવ્યું છે. વાંસની લાકડી છે. તે ભાવકોને હાથે આપી છે. લોટે(કાપડના વેપારી) પાસેથી કોરું કપડું લાવ્યા છે. બંગડીના વેપારી પાસેથી બંગડી અને ગાંઠી – ઘરેણું લાવ્યા છે. માટલીની માંડવી બનાવી છે. પૂર્ણ ખીલેલાં મોરનાં પીછાં લાવ્યા છીએ. તે બધાં ભાવકોને આપ્યાં છે. જેમાંથી તેઓએ ઘાંઘળી – વાદ્ય બનાવ્યું છે.)

સમૂહજીવનની ભાવના અહીં નોંધવા જેવું ઘટક છે. ગામ ફળિયામાં વહેંચાયેલાં છે. દરેક ફળિયામાં પોતપોતાની જમીનમાં છૂટાંછવાયાં ઘરો છે. આર્થિક ઊપજ ઓછી હોવાના કારણે માત્ર ધાન્ય સંચય કરી વન

– જંગલોની પેદાશોને આધારે જ જીવન જીવે છે. તેથી કોઈપણ પ્રકારના ભેદ જોવા મળતા નથી. અભાવમાં પણ સાત્વિક ખોરાક, સાદગીપૂર્ણ પોશાક સાથે જીવાતા જીવનમાં સમાનતા અને સહભાગિતાને કારણે એમનું જીવન નોખું તરી આવે છે.



**(ફોટો: ગામના સીમાડે આવેલું વાઘદેવનું સ્થાનક)**

વારલી લોકજીવનમાં પ્રકૃતિ ઘટકો પ્રત્યેની આસ્થા નોખી છે. ઋતુચક્રમાં આવતા બદલાવોથી એમનું જીવન પ્રભાવિત થાય છે. અન્ય સમાજ સાથેના ઓછા પરિચયને કારણે તેમની પેઢીદર પેઢી પ્રકૃતિ પ્રત્યેની આસ્થા – માન્યતા પણ ધ્યાનમાં લેવા જેવી છે. આ સંદર્ભે ડૉ.ગૌરીશંકર પંડ્યા યોગ્ય જ નોંધે છે કે, "વારલીનો વસવાટ, વિસ્તાર વિકસિત સમાજથી અલિપ્ત છે. અન્ય સમાજો સાથેના નામ – માત્રનો સંપર્ક ધરાવે છે અને ભૌગોલિક પરિસ્થિતિ જ એવી છે કે તેઓને અન્ય સમાજથી વિખૂટા પાડે છે. જંગલ, ડુંગરો, નદીનાળાં અને કોતરો તે કારણે ભૌગોલિક પરિસ્થિતિ જ એવી છે કે વારલીઓને સતત જીવનસંઘર્ષમાં જ રહેવું પડે છે. જીવનનિર્વાહનાં ટાંચાં સાધનોમાં વર્ષભર પેટનો ખાડો પૂરવા અનેકવિધ પ્રવૃત્તિઓ કરવા પ્રયત્ન કરે છે. જેમાં તેમને ધર્મના ઊંડાણપૂર્વકનાં દર્શન માટેનું ચિંતન કરવાનો વખત નથી. તેમજ સંપૂર્ણ જીવન કુદરત પર આધારિત છે. કુદરતી ઘટનાની આસપાસ જીવન ગૂંથાયેલું છે. વરસાદ ન પડે, ખેતી નિષ્ફળ જાય, માછલી પૂરતા પ્રમાણમાં મળે નહીં, એટલે તેમના જીવન સાથે જે સીધી સંબંધિત છે તેવી ઘટનાઓની પાછળ અદ્દશ્ય શક્તિ જ કામ કરે છે, જેનો સતત ભય તેમના માનસ પર હોય છે. જેને પરિણામે તાત્કાલિક આવેલ મુશ્કેલીઓને દૂર કરવાનો પ્રયત્ન ભગતના માર્ગદર્શન તળે કરી ભયમુક્ત બનવાનો પ્રયત્ન કરે છે."[૪]

વર્તમાન સમયમાં વારલીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેથી પરંપરાગત અને આધુનિક ટેકનિક દ્વારા ખેતી કરવામાં આવે છે. તેથી ઓજારોનો ઉપયોગ વધ્યો છે. જૈવિક ખાતરને બદલે રસાયણોનો ઉપયોગ વધ્યો છે. તેથી ધાન્યોની ઉપજમાં વધારો થયો છે પરંતુ પહેલાના સમયમાં જોવા મળતી સાત્વિકતા

હવે ઓછી થતી જાય છે. વાઘબારસ – ડેરાં ઊજવણીમાં પ્રકૃતિ સાથેનો વિશિષ્ટ નાતો પ્રગટે છે. માનવો, પશુઓ, પક્ષીઓના રક્ષણની જવાબદારી પ્રકૃતિ ઘટકોને સોંપવાના શ્રદ્ધાભાવ પ્રગટ કરતા ઊજવણીનું અદકેરું મહત્વ છે.

• **સંદર્ભગ્રંથો:**


1. ડૉ.કમલેશ આર.ગાયકવાડ, વારલી લોકગીતો, ફ્લેમિંગો પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – ૨૦૧૬, પૃ.નં. ૨૪-૨૫
2. શ્રી દત્તાત્રય ભાસ્કર ચિતળે, ડાંગ : એક સમ્યક દર્શન, પ્રકાશક – ડાંગ જિલ્લા પંચાયત, આહવા, પ્રથમ આવૃત્તિ – ૧૯૭૮, પૃ.નં. ૬૦
3. 'ડેરાં' ગીતગાયક – ૧.નાયજીબેન ચંદુભાઈ કરપટ, ઉ.વ.૭૦, સેંદરપાડા, સિલધા, તા.કપરાડા, જિ.વલસાડ. ૨. નગાબેન ધાકલબેન ખરપડિયા, ઉ.વ.૬૫, સેંદરપાડા, સિલધા, તા.કપરાડા, જિ.વલસાડ.
4. ડૉ. ગૌરીશંકર પંડ્યા, વારલી જાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – માર્ચ – ૧૯૯૨, પૃ.નં. ૨૯૨

# શ્રી ગોવિંદ ગુરુ અને માનગઢ હત્યાકાંડ એક ઐતિહાસિક પરિપેક્ષ્યમા

**ડામોર વરુણકુમાર વી.**
Ph.D શોધછાત્ર
નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ

---

પ્રસ્તાવના :

આપણા દેશમાં વિવિધ સમાજ સુધારકો દ્વારા મહત્વના કાર્યો કર્યા હતા. જેમ કે સમાજ સુધારક જ્યોતિબા ફૂલે, ડો. બાબાસાહેબ આંબેડકર, બિરસા મુંડા તેમજ ઠક્કરબાપા એ પણ આદિવાસી લોકોમાં સમાજ સુધારા દ્વારા અગત્યનું કાર્ય કર્યું હતું. પંચમહાલ-દાહોદમાં રહેતા ભીલ લોકોના ઉત્થાન માટે ગોવિંદ ગુરુ એ પણ એક મહત્વની ભૂમિકા ભજવી હતી.19મી સદીનો એ સમયગાળો ત્યારે આદિવાસી જાતિ ખાસ કરીને ગુજરાતના છેવાડાના વિસ્તારમાં રહેતી મુખ્ય ધારાથી સાવ અળગી રહેવા પામી હતી અને આ પ્રજા તરફ ખાસ કોઈ પણ વ્યક્તિએ નોંધ લેવાનું મુનાસિબ માન્યું ન હતું તેવા સમયગાળામાં શ્રી ગોવિંદગુરુ એ આદિવાસીઓનું સામાજિક ઉત્થાન કરવા માટેના પ્રયત્નો શરૂ કર્યા હતા તે થકી રાષ્ટ્રીય ચેતના જગાડવા નું પ્રથમ પગલું પણ તેમણે જ ભર્યું. માનગઢ હત્યાકાંડ ના સમયે તેમના પારંપરિક હથિયારો અને શસ્ત્રો હતા જે તે પોતાની રક્ષા કાજે રાખતા હતા. જ્યારે સામે પક્ષે અંગ્રેજી સલ્તનત તો પુરેપુરી આધુનિક ઢબથી સજ્જ હતી આ સલ્તનતએ એમનું બલિદાન લીધું આખરે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન શહીદ સ્મારક બનાવી માનગઢ ને ગુજરાતના શિરમોર કેન્દ્રમાં સ્થાન આપ્યું હતું.

**ગોવિંદ ગુરુ નો પરિચય:**

ગોવિંદ ગુરુ નો જન્મ ઈ.સ. 1863 માં રાજસ્થાન રાજ્યના ડુંગરપુર જિલ્લાના વેદસા ગામે એક વણઝારા જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ બેચરગર હતું. તેમણે કોઈ શિક્ષણ લીધું ન હતુ પણ તેમણે 21 વર્ષ સાધુ તરીકે જીવન જીવ્યા હતા. ઈ.સ. 1899-1990 ના વર્ષમાં જ્યારે છપ્પનિયો દુષ્કાળ વખતે તેઓ કુટુંબ સાથે સંતરામપુર તાલુકાના નટવા ગામે રહ્યા હતા. આ દુષ્કાળમાં તેમના પત્ની અને બાળકો મૃત્યુ પામ્યા હતા. આ દુષ્કાળ સમયે ભીલ લોકોની દયનીય પરિસ્થિતિ જોઈને તેઓએ ભીલ લોકો માટે સમાજ સુધારો કરવાનો તેમનામાં વિચાર આવ્યો. આમ તેમણે લોકોને “નુગરા” માંથી “સુગરા” બનાવવાની સલાહ આપી હતી. ગોવિંદ ગુરુ ના એક વર્ષના તેના અનુયાયીઓની સંખ્યા વધી હતી “ભગત ભીલો” તરીકે ઓળખાયા હતા. ગોવિંદ ગુરુ એ લોકોને સુધારવા માટે વિવિધ વચનો આપ્યા હતા. જેમકે, દરરોજ સ્નાન કરો અને સ્વચ્છતા જાળવો, વ્યભિચારથી દૂર રહો, ખૂન અને લૂંટફાટ ના કરો, માસાહાર તથા દારૂના વ્યસનથી દૂર રહેવું, ધાર્મિક તહેવાર દિવસે ઉપવાસ કરવા. આવા અનેક બાબતો પર ગોવિંદ ગુરુએ ભીલ લોકોને સુધાર લાવવા માટે ઉપદેશ આપ્યા હતા. ગોવિંદ ગુરુને ઈ.સ. 1913 માનગઢ ખાતે હત્યાકાંડ થયો અને તેનો મુખ્ય આરોપી ગણાવીને ૧૦ વર્ષની સજા કરી હતી. આ સજા માંથી મુક્ત થયા પછી પણ તેઓએ આ ભગત સંપ્રદાયને ખૂબ માન આપ્યું હતું આમ થોડા દિવસો પછી તા 30 ઓક્ટોબર 1931 માં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં કંબોઈ ગામમાં તેમનું અવસાન થયું હતું.

**માનગઢ હત્યાકાંડ**

માનગઢ હત્યાકાંડ એ જલિયાવાલા બાગ કરતાં પણ ભયંકર હત્યાકાંડ ગણવામાં આવે છે. પ્રથમ આંદોલન સમાજસુધારક સાથે સંકળાયેલ હતું આ આંદોલન પાછળ થી ભગત આંદોલનમાંથી ‘ભીલરાજ’

મેળવવા માટેનું ગણાયું હતું. ઈ.સ.1905 મા સંપસભાની સ્થાપના થઈ તે પહેલા ગોવિંદ ગુરુ નાની-મોટી સભાઓ ભરી લોકોને ઉપદેશ આપતા હતા. આઝાદી માટેની ચર્ચા કરી ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશના ભીલોને તેમના પોતાના રાજ્યો પાછા અપાવવા સમજાવીને પ્રચારનું કામ ગોવિંદ ગુરુ ઉપાડ્યું. પછીથી ભીલ પ્રદેશમાં પ્રચાર જોરશોરથી શરૂ થયો. ગામડે ગામડે આઝાદીની ચળવળ શરૂ થઈ ભીલો ભક્તિના અને આંદોલનના માર્ગે જોડાયા. દેશી રજવાડાઓ તરફથી સંપસભા અને ભગત સંપ્રદાયનાં અનુયાયીઓની હેરાનગતિ અને અડચણ ધાર્મિક પ્રવૃત્તિઓમાં કરતા હતા. અંતે ગોવિંદ ગુરુએ ભીલરાજ સ્થાપવાની યોજના બનાવી. ગોવિંદ ગુરુના કહેવાતી હજારો ભીલો માનગઢ મુકામે નવેમ્બર 1913 માં એકઠા થયા. ભીલરાજના પ્રચારથી ગભરાયેલા સૂંથ, ડુંગરપુર, કુશલગઢ ના દેશી રાજ્યો અને બ્રિટિશરોની સંયુક્ત સેનાઓએ માનગઢ પર્વત ઉપર ભીલોના સમૂહ ને વિખેરી નાખવા માટે પર્વતની ચારે તરફ અંગ્રેજોની અને તેના સહયોગમાં રજવાડાઓની સેનાઓએ ભારે ઘેરો નાખ્યો હતો. એક તરફ દેશી શસ્ત્રો વાળા ભીલો અને તેમની સામે આધુનિક હથિયાર ધારણ કરેલી તાલીમબધ્ધ સેનાઓ આમ જુઓ તો પરિણામની કલ્પના કરવી કોઈ મુશ્કેલ કામ ન હતું પરંતુ સદીઓથી જુદા જુદા સમયે જુદા જુદા રજવાડા સામંતો ના જુલમ અત્યાચાર અને શોષણ અને ધિક્કાર નો ભોગ બનેલા ભીલો ગોવિંદ ગુરુની ક્રાંતિકારી વિચારસરણીથી પ્રેરાઈને એકત્રિત થયા હતા. અને 17 નવેમ્બર 1913 ના રોજ અંગ્રેજ અધિકારી બોરો હેમિલ્ટન ના કહેવાથી માનગઢ પર ભેગા થયેલા ભીલો પર હુમલો કરાયો. ગોવિંદ ગુરુ અને તેમના સંખ્યાબંધ શિષ્યોની ધરપકડ થઈ. જ્યારે અંદાજે 1507 જેટલા ભીલો શહીદ થયા. ભારતના સ્વાતંત્ર્ય ઈતિહાસમાં આ ઘટનાની યોગ્ય નોંધ લેવાઈ નથી. તેથી વંદના માટે ગુજરાત સરકારે "શહિદવન" નું બાંધકામ કર્યું છે. જ્યારે માનગઢ થી કરુણાંતિકાને તથા આ ઘટના જે લોકોના દેશ પ્રેમ તથા સ્વાતંત્ર્યની ખેવનાને લીધે માનગઢ ભારત વર્ષની આઝાદીની લડાઈમાં સીમાચિન્હ બની રહ્યું છે.

શોર્યગીત

માનગઢ મારો ઝધડો હે
અંગ્રેજ્યો નઈ માનુ રે નઈ માનુ
ભીણીસર મારો લેખ હે
અંગ્રેજ્યો નઈ માનુ રે નઈ માનુ
ઝાલોદમાં મારો વેપાર હે,
દાહોદમાં મારો દીવો હે
અંગ્રેજ્યો નઈ માનુ રે નઈ માનુ
બારીયા મારી તોપો હે
અંગ્રેજ્યો નઈ માનુ રે નઈ માનુ
અમદાવાદ મારી કલમે હે
અંગ્રેજ્યો નઈ માનુ રે નઈ માનુ

દિલ્હીમાં મારી ગાદી હે
અંગ્રેજ્યો નઈ માનુ રે નઈ માનુ
નટવા માં મારો ફેરો હે,
કંબોઈ માં મારો વાસો હે
અંગ્રેજ્યો નઈ માનુ રે નઈ માનુ

માનગઢ મારો ઝઘડો હે
અંગ્રેજ્યો નઈ માનુ રે નઈ માનુ

**ભગત સંપ્રદાયના સિદ્ધાંતો**

પંચમહાલની આદિવાસી ભીલ પ્રજામાં ગોવિંદ ગુરુ એ સામાજિક અને ધાર્મિક શિક્ષણ ને આધાર બનાવી અનેક ચળવળની શરૂઆત કરી. સામાજિક-ધાર્મિક કુરિવાજો ની નાબૂદી દ્વારા ભીલોની એકતાની હિમાયત કરી. આ પ્રક્રિયાને તેઓ "નુગરા" (અસંસ્કૃતપ્રજા) માંથી "સૂગરા" (સંસ્કૃતપ્રજા) બનાવવાની પ્રક્રિયા તરીકે ઓળખાવતા હતા. ભગત પંથમાં ધૂણી માં નાળિયેરનું હવન કરવું, ખોટું ન બોલવું, ચોરી ન કરવી, દારૂ માસનું સેવન ન કરવું, જીવ હત્યા ન કરવી, વ્યભિચાર ન કરવા, જેવા વૈદિક નિયમોનું પાલન કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. જે વ્યક્તિ આ નિયમોનું પાલન કરતા થાય તેમને ભગત તરીકે સ્વીકારતા હતા. આમ જુઓ તો એક રીતે ભગત પદ પણ વેદના જ એક અંગ સમાન છે વેદના શ્લોક "शास्त्रेंणरक्षितेदेशंशास्त्रंप्रवर्तेत" અર્થાત જે રાષ્ટ્રની રક્ષા શસ્ત્ર દ્વારા થતી હોય તે દેશમાં શાસ્ત્રોક્ત ચર્ચાઓ શક્ય છે. આ વિચારોના પ્રતિક રૂપે જ ભગત સંપ્રદાયની ધૂણી પર ત્રિશૂલ અને તલવાર રાખવામાં આવે છે.

ભગત પંથી ધજા પર સાત રંગો હોય છે. આ ધજા ના સાત રંગોનું અર્થઘટન થાય છે.
સફેદ ધજા - નિરાકાર પરમેશ્વર અને જ્ઞાન
સફેદ ધજામાં સૂર્ય અને ચંદ્ર નાના-મોટા વચ્ચે સહકાર અને જ્ઞાન પૂર્ણ જીવન
સફેદ અને લાલ - બુદ્ધિબળ ગુણ અને બળ રજો ગુણોનો સમન્વય
લાલ - સૈન્ય શક્તિ અને સુરક્ષા. વેદમાં સેનાની ધજા લાલ હોવી જરૂરી દર્શાવે છે.
લીલો - વનસ્પતિ તથા કૃષિ અને હરિયાળીથી હરીભરી પૃથ્વી.
નવરંગો કપડાની બનેલી ધજા આવતા એટલે કે નાવીન્યનું પ્રતીક

**સમાપન:**

ઉપરોક્ત રીતે જોતા સમાજના સબ્લ્ટર્નવર્ગમાં આવતા આદિવાસીઓને સમાન પ્રવાહમાં લાવવાનું એટલે કે સામાજીક ઉત્થાન નું અને તે થકી રાષ્ટ્રીય ચેતનાના બીજ વાવી આઝાદી તરફનું પ્રયાણ અને તેમનું કાર્ય સદાય અમર રહેશે.

**સંદર્ભ ગ્રંથો :**

1. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ – અરુણ વાઘેલા,પ્રથમ આવ્રુતિ ઓક્ટોમ્બર,2013પ્રકાશન – અક્ષર પબ્લિકેશન અમદાવાદ, પેજ નં - 93,95,102,104
2. પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા. પેજ નં - 91
3. માનગઢ ક્રાંતિના મહાનાયક,શ્રી ગોવિંદ ગુરુ પ્રકાશન– અરુણ વાઘેલા ,વિષ્ણુકાંત પંડ્યા ,સામાજિક વનીકરણ વનવિભાગ,ગુજરાત રાજ્યરુબરુ મુલાકાત (ભજન મંડળી,ગોવિંદગુરુના અનુયાયીઓ )

# सुरेंद्र वर्मा की नाट्यकृतियों का कथ्य

**डॉ. अवंती एस भाभोर**
अध्यापक सहायक
नवजीवन आर्ट्स एंड कॉमर्स कॉलेज, दाहोद

## भूमिका

नाटक हिंदी साहित्य की लोकप्रिय विधा है। नाटक अपने कथा रस और रंगमंच की पुष्टि के कारण सामान्य से सामान्य पाठक को बांधे रखता है। साथ ही नाटक में मनुष्य के आंतरिक जीवन और बाह्य संघर्ष के चित्रण का पूरा अवकाश रहता है। हिंदी नाट्य साहित्य में जयशंकर प्रसाद से लेकर मोहन राकेश तक और राकेश के बाद भी आधुनिक हिंदी नाटकों की एक सुगठित धारा प्रवाहमान दिखाई देती है। इस धारा को प्राणवान प्रतिभा का तत्व मिलाकर जिन नाटककारों ने सींचा और पल्लवित किया उन नाटककारों में मोहन राकेश के बाद सुरेंद्र वर्मा का स्थान शीर्षस्थ है।

सुरेंद्र वर्मा एक ऐसे रचनाकार है जिनका नाम आधुनिक नाटककारों में बहुत अहमियत रखता है। उनके साहित्य सर्जन का क्षेत्र सीमित है, फिर भी उन्होंने अपनी रचनाओं में हमारे समाज के यथार्थ को खोल कर रख दिया है। सुरेंद्र वर्मा जी का व्यक्तित्व अतः विरोधों से परिपूर्ण है, वह अहमवादी है, विनयी हैं, संवेदनशील है तो बुद्धिवादी भी है, वे आधुनिक है तो परंपरावादी भी है, मानवता में आस्था रखने वाले हैं। वर्मा जी ने नाटकों में मानव मन के अंतर को योग सापेक्ष विशेषताओं के साथ प्रस्तुत किया है।

अर्थहीन आदर्शवाद का पर्दाफाश कर उन्होंने जीवन में व्याप्त असंतुलन, वैषम्य, अभाव आक्रोश और कुंठाओं को अपने नाटकों में अंकित किया है। मानव संबंध एवं स्त्री पुरुष के नामहीन आकर्षक को पूर्वाधिक घटना-लाघव की खूबी के साथ उसे नए संदर्भों में रखकर परखने और सामाजिक मनोवृति के अनुरूप आंकने का प्रयास किया है। वर्मा जी के नाटक घटनाओं एवं चरित्र के नाटक नलगकर समय विशेष स्थितियों के नाटक लगते हैं।

## सुरेंद्र वर्मा की नाट्य कृतियां

सुरेंद्र वर्मा के नाटकों का वास्तविक विषय इतिहास को आधार बनाकर समकालीन मनुष्य के अंतर्द्वंद और आधुनिक युगबोध को अभिव्यक्त करना रहा है। उन्होंने मूलभूत रूप से स्त्री-पुरुष संबंध और उससे उत्पन्न सामाजिक विडंबना जिसमें धर्म, अंधविश्वास आदि के कारण समाज में तरह-तरह की समस्याएं सामने आती है। उन्होंने इन समस्याओं को नाट्य रूप देकर समाज के सामने प्रस्तुत किया है।

### (१) सेतुबंध

'सेतुबंध' नाटक में कालिदास और चंद्रगुप्त की पुत्री प्रभावती की परस्पर प्रेम और यौन संबंधों की अवांछनीयता, असामाजिकता से उत्पन्न तनाव छटपटाहट और बिखराव जनित त्रासदी को रेखांकित किया गया है। प्रभावती अपने पिता के दबाव में आकर एक अनचाहे पुरुष वाकाटक नरेश से विवाह कर लेती है। लेकिन मन ही मन वह कालिदास की ही बनी रहती है। प्रवरसेन नामक पुत्र को जन्म देकर भी वह पूर्णत: वाकाटक नरेश की पत्नी नहीं बन पाती है। भावात्मक स्तर पर अब भी वह कुंवारी ही रह जाती है। ऐसे हालातो में यदि " पर-पुरुष पति और पति पर-पुरुष

बन जाए तो क्या आश्चर्य?"(२) उसका पुत्र प्रवरसेन अपनी मां के गैर मर्द के साथ इन संबंधों को जानकर जिस आंतरिक द्वंद्व तथा मानसिक उद्वेलन वाली कचोट को जीता है इसका मनोवैज्ञानिक चित्रण इस नाटक में हुआ है।

**(२) नायक -खलनायक -विदूषक**

सुरेंद्र वर्मा जी ने विदूषक की भूमिका करने वाले 'कपिजंल' के माध्यम से कलाकार की ऊब और निरसता को इतने तीखे ढंग से व्यक्त किया है कि वह नायक ही नहीं तो खलनायक की भूमिका करने तक तैयार हो जाता है। टाईप्ड पात्र बनने से कपिजंल स्पष्ट इनकार करता है, क्योंकि वह मंच पर भिन्न-भिन्न पात्रों के माध्यम से जीवन को समझना चाहता है। नाटक में पूर्वाभास से उठने वाले सभी प्रश्नों को बहुत नाटकीय- सांकेतिकता के साथ प्रस्तुत किया गया है। नाटक में इतिहास के माध्यम से आज के मनुष्य की आकांक्षाओं तथा नियति के नए संघर्ष को सजीवता से अंकित करने का प्रयास हुआ है। इस नाटक में समकालीन कलाकारों की त्रासदी को व्यक्त किया गया है। "वस्तुत: यह नाटक अनाटकीय तथ्यों और स्थितियों को लेकर चलता है, यह रचना पात्र और संवाद बहूल रचना है"(३)

**(३) द्रोपदी**

यह नाटक सर्वप्रथम त्रैमासिक ' नटरंग' अंक १४,१९७० में प्रकाशित हुआ। यह नाटक वास्तविक जीवन बोध और यथार्थ का लेखा-जोखा लगता है। यह  मोहभंग की भयानक स्थिति का नाटक लगता है । जहां आदर्श झूठे पड़ जाते हैं । पारिवारिक रिश्ते बजरंग और बेईमान हो जाते हैं, जीवन की विसंगतियों से उत्पन्न नंगापन और अश्लीलता यथार्थ जीवनानुभवों का रूप दिखाई देते है। भौतिक साधनों और सुख सुविधाओं की अंधी दौड़, आपाधापी और हालातो के दबाव में नाटक का नायक  'मनमोहन' वह सब कुछ पीछे छोड़ जाता है जो मकान को, घर संबंधों को, जीवन को जीने योग्य बनाता है। संबंध हीनता उसे ग्रस लेती है। वह अपनी जमीन से, घर से कट जाता है, वह अपने आप से, अपने घर से, पत्नी और बच्चों से, सुकून और शांति से सुरेखा का अनुभव होने लगता है कि अब मनमोहन हिस्सों में बट गया है। अलग-अलग हिस्सों में जैसे कभी घर में डूबा रहता है, तो कभी दफ्तर में।  मनमोहन आपाधापी तो कर रहा है लेकिन वह केवल रेत की दीवार सिद्ध होती है, वह जीवन में पहले से भी अधिक उदासी और ऊब को महसूस करता है। जीवन में ऊंचे से ऊंचे पद की लालसा उसे अंदर ही अंदर तोड़कर रख देती है।"(४)

अलका- राजेश,अनिल- वर्षा केवल पारिवारिक बिखराव और दिग्भ्रमित युवावर्ग की उच्छृंखलता के संकेत है। सुरेखा मनमोहन की पत्नी महाभारत की द्रोपदी की भांति मनमोहन के  जीवन के पांच पहलुओं को एक साथ झेल रही है । जीवन के तनाव से टूटता पति- पत्नी का संबंध ' घर' को ' मकान' में बदल देता है। सुरेखा और मनमोहन दोनों अपने-अपने दृष्टिकोण से संसार को निरसता से निभा रहे है।  सुरेखा के सिवा अन्य अंजना, रंजना और वंदना के पास मनमोहन जाता है फिर भी प्यास बुझती नहीं है। जिंदगी में पुनः आद्रता पाने के लिए ' बूस्टर' जैसी जीवनदायिनी की शक्ति की आवश्यकता है ।

परिवार के आंतरिक जीवन का उद्घाटन मां और बेटी करती है। लड़का नगर बोध की समकालीन आदतों का शिकार है। बेटी एक क्लास के बहाने प्रेमी के साथ पिक्चर जाती है। ' द्रौपदी' नाटक हमारे आधुनिक समाज व्यवस्था तथा भौतिकवादी पद्धति से प्रत्यक्ष साक्षात्कार करवाता हैं।

**(४) सूर्य की अंतिम किरण से सूर्य की पहली किरण तक**

यह नाटक यौन संबंधों के एक विशिष्ट स्वरूप को जिस गहराई से व्यक्त करता है, वह मानव मन की सूक्ष्मतम संवेदनाओं को सहज ही अभिव्यक्त कर देता है। नाटक की नायिका मल्लराज्य की रानी है। रानी शीलवती की शादी एक ऐसे राजा से हुई है जो संतान तो दूर रानी को शारीरिक सुख देने में भी असमर्थ है। रानी राजघराने की मर्यादा को सर्वोपरि बनाकर जीवन जी रही है। अमात्य परिषद का यह विश्वास है कि उत्तराधिकारी के अभाव में प्रजा के असंतुष्ट हो जाने का अंदेशा है। अतः रानी को 'नियोग' विधि के लिए बाध्य किया जाता है। इच्छा के विरुद्ध रानी को अमार्त्य परिषद की आज्ञा माननी पड़ती है। नाटक में पुराण कथा के माध्यम से समकालीन जीवन के एक पक्ष का विशेष रूप से मनोवैज्ञानिक विश्लेषण, विवेचन किया गया है।

**(५) आठवांसर्ग**

महाकवि कालिदास के द्वारा रचित ' कुमारसंभव' के आठवें स्वर्ग को आधार बनाकर सुरेंद्र वर्मा ने नाटक की रचना की है। लेखक बनाम राज्यश्रय की पीड़ा इसका मूल भाव रहा है। नाटक ऐतिहासिकता की सीमाओं को तोड़ता हुआ आधुनिक और समकालीन भावबोध को जोड़कर दोहरी सार्थकता हासिल कर चुका है।

" नाटककारने कालिदास के काव्य 'कुमारसंभव' के आठवें स्वर्ग में शिव और पार्वती की प्रेम क्रीड़ाओं को साधारण पति-पत्नी के प्रेम प्रसंग के रूप में देखा और उसका वर्णन किया लेकिन धर्माध्यक्षों के द्वारा उसकी अश्लीलता पर आपत्ति की गई। इस नाटक में यश प्राप्ति के लिए भाग-दौड़ और पदलिप्सा तत्व उद्घाटित हुए हैं। (५)

**(६) छोटे सैयद -बड़े सैयद**

इस नाटक का कथानक विराट फलक पर उतर मुघलकालीन भारतीय इतिहास के नाजुक मोड़ों और घटनाओं का दस्तावेज है। हिंसा, घृणा, राजनीतिक गठबंधन, रक्तपात, कूटनीति की चाले, विलास में घिरे कठपुतली के जैसे बादशाह, कमजोर केंद्र आदि परिस्थितियों में अब्दुल्लाखा उर्फ हसन अली उर्फ बड़े सैयद ने घटनाचक्र को नया मोड़ देने का प्रयास किया। बड़े सैयद उर्फ़ हसन अली साहस, धैर्य , धीरता और कूटनीति में माहिर है। उसने हिंदू- मुस्लिम एकता और राष्ट्रीयता का महान लक्ष्य अपने समक्ष रखा था। अकबर की नीतियों को अपनाते हुए वह भी हिंदुओं के साथ मुसलमानो के वैवाहिक रिश्ते जोड़ता है। परंतु हुसैन अली उर्फ छोटे सैयद की अपरिपक्वता और गुस्से- भरी जल्दबाजी में बड़ेसैयद के महान लक्ष्यो की प्राप्ति में रुकावटें और अड़चनें ही पैदा की। बड़े सैयद ने उस समय हिंदू- मुस्लिम एकता और राष्ट्रीयता का महान स्वप्न देखा था। छोटे सैयद राष्ट्रीय हितों को ताक में रखकर अपने अल्पकालीन राजनीतिक स्वार्थ और उद्देश्यों की पूर्ति में लगे रहते हैं।"(६)

**(७) एक दूनी एक**

नाटक में मशीनी सभ्यता के दबाव से बदलते आदमी और औरत के नाजुक खतरनाक और विस्फोटक रिश्ते को विवाद की संस्था के परिप्रेक्ष्य में कसा- परखा और विश्लेषित किया गया है नाटक में सिर्फ दो पात्र है- क्यूपिड और कोलंबस। क्यूपिड डिटेक्टिव एजेंसी का संचालक जो अपने पुराने प्रेम प्रसंगो से आक्रांत, कुंवारा पुरुष है, जो बेवफाई के मामलों की जांच- पड़ताल करते-करते ब्याह के रिश्ते के प्रति संशक हो चुका है और कोलंबस ट्रेविल्स में कार्यरत औरत- मर्द को कोई भी रिश्ता जोड़ नहीं सकता और हर हाल में वह (कम से कम पुरुष) अलग इकाई बने रहने के लिए

अभिशप्त है। जैसे अतिवादी निष्कर्ष का यह एक दिलचस्प नाट्यलेख है। कंप्यूटर एक औरत, एक मर्द और कुछ आयामाेें के माध्यम से प्रस्तुत इस नाटक में स्त्री पुरुष के परम मानवीय संबंधों के भीतर की विडंबना का तथा क्रूरता का रोचक प्रदर्शन किया है।(७) वर्माजी का यह प्रयास मशीनी सभ्यता के दबाव से बदलते स्त्री पुरुषों के मुलायम रिश्तो का विस्फोट है।

**(८) शकुंतला की अंगूठी**

सुरेंद्र वर्मा ने इस नाटक की कथावस्तु को पौराणिक, ऐतिहासिक प्रसंगो, संवादों तथा पात्रों के साथ उठाया गया है। "पौराणिक दुष्यंत वर्षा शकुंतला के संबंधों के बदलते रूप को उसकी विडंबनाओ के साथ आज के संदर्भ में देखने तथा दिखाने का प्रयास किया गया है। आज शकुंतला का अभिनय करने वाली अभिनेत्री ' कनक' दुष्यंत की प्रेक्टिस करने वाले अभिनेता-निर्देशक -कुमार के धोखा देने पर गर्भपात करवा लेती है। बल्कि आज के इस दुष्यंत से अपनी अंगूठी वापस लेकर उसे मछुआरे की गौण भूमिका कर रहे एक दृश्य पद प्राप्त अधिकारी सुदर्शन के हाथ में पहनाकर उसे तुरंत विवाह करने को तैयार भी हो जाती है।"(८) वर्माजी के इस नाटक में समसामयिक वर्तमान की समस्याओं का सही आलेख पाया जाता है, जो युगीन समस्याओं का प्रतिनिधित्व कर सकता है।

**निष्कर्ष**

सुरेंद्र वर्मा नाटककार थे, निर्देश भी तथा अभिनय भी कर लेते थे। उनके नाटक रागात्मक-सूत्र, संबंध,आंतरिक जटिलता रुपानियत, भावात्मक और संवेदना पूर्ण वातावरण की सृष्टि का एक अंग लगते हैं। वर्तमान संदर्भ में सुरेंद्र वर्मा उन विशिष्ट नाटककारों में आते हैं जिन्होंने बहुत कम समय में ही अपने नाटकों और एकांकियों के द्वारा हिंदी रंगमंच को नई मौलिक पद्धतियों से प्रभावित किया है, और हिंदी रंगान्दोलनों के लिए एक सशक्त आधार प्रस्तुत किया है। साठोत्तरी

नाटककारो में नई चेतनाओ के युवा प्रयोगशी नाटककार के रूप में वर्मा जी का व्यक्तित्व काफी सफल रहा है।

संदर्भ


1. सुरेंद्रवर्मा की नाट्यभाषा- डॉ मीना पंड्या - पृ -५३
2. हिंदी नाटक और रंगमंच:समकालीन परिदृश्य- डॉ ब्रजराज किशोर - पृ ६६
3. हिंदी नाटक और रंगमंच:समकालीन परिदृश्य- डॉ ब्रजराज किशोर - पृ ६७
4. सुरेंद्र वर्मा के नाटकों में स्त्री पुरुष संबंध:एक अनुशीलन - डॉ.नाना साहेब गायकवाड- पृ१
5. Hindisahitya.com
6. सुरेंद्रवर्मा की नाट्यभाषा- डॉ मीना पंड्या - पृ ६९
7. सुरेंद्रवर्मा की नाट्यभाषा- डॉ मीना पंड्या - पृ ६९
8. सुरेंद्र वर्मा के नाटकों में स्त्री पुरुष संबंध:एक अनुशीलन - डॉ.नाना साहेब गायकवाड- पृ ४९

# ભારત-પાકિસ્તાનના યુદ્ધ વખતે અડીખમ રણછોડ પગી

**ડૉ.મયંકભાઈ ઠાકોરલાલ બારોટ**
આસિ. પ્રોફેસર, ઈતિહાસ

---

૩-૧૨-૧૯૭૧ના રોજ પાકિસ્તાને ભારત તરફથી પૂર્વ પાકિસ્તાનને મળતી મદદ અને પ્રોત્સાહનને કારણે યુદ્ધ જાહેર કર્યું. ૧૭-૧૨-૧૯૭૧ના રોજ આ યુદ્ધનો અંત આવ્યો. આ યુદ્ધ વખતે જામનગર અને કચ્છ ઉપર બોમ્બમારો થયો હતો.

ગુજરાતની સરહદે રણછોડ પગી નામના ભૂમિયાએ ભારતની સેનાને બહોળા પ્રમાણમાં મદદ કરી હતી. અને ગુજરાતમાં પાકિસ્તાન સેના પગ પેસારો કરી શકી નહીં. અંતે બાંગ્લાદેશ આઝાદ થયો.૨૦૦૮ મીરલ માણેકશાહ

બનાસકાંઠાના સુઈગામ શૂરવીર પગીબાપુ રણછોડભાઈની શોર્યગાથા જનરલ માણેકશાહ જેમને લેવા માટે હેલિકોપ્ટર મોકલતા.

રણછોડભાઈ મૂળ તો વાવ તાલુકાના હાલ સુઈગામ વાસરડા ગામના વતની. મામના ગામ લિંબાળા આવીને વસેલા. વ્યવસાયે પશુપાલક, પશુઓને ચરાવવા માટે એમને ચાલવાનું ખૂબ બનતું. સતત ધુળિયા રસ્તે ચાલવાથી એમની નજર લોકોના પગનાં નિશાન પર પડતી. એમની પારખું નજરે ધીરે ધીરે લોકોના પગ ઓળખવાનું શરૂ કરી દીધું. પછી તો માણસ ઉતાવળથી ચાલે છે કે ધીરજથી ચાલે છે. વજન ઉપાડીને ચાલે છે કે ખાલી હાથે ચાલે છે. બનાવટી ચાલ છે કે સાધારણ ચાલે છે. એમની પણ એમને ખબર પડવા લાગી. ઘેટાં બકરાં અને ઊંટ ઘાસ ખાવાનું કામ કરે અને રણછોડ બાપુ નિરીક્ષણનું કામ કરતાં. પછી તો એમના માટે આ રીતે જ્ઞાન મેળવવાની બાબત સામાન્ય થઈ ગઈ. વળી બનાસકાંઠાનો વિસ્તાર વાવ-થરાદ-સુઈગામનો સુકો તેથી આંતરા વર્ષે દુષ્કાળ પણ પડે. એવા સમયે પશુપાલકો પોતાનાં પશુઓને ચાર-છ મહિના ટૂંકા કરવા માટે પાણીવાળા વિસ્તારમાં લઈ જતા. આઝાદી પહેલાં અને આઝાદી આવી એ સમયે વાવ-થરાદમાંથી સિંધમાં જવા માટે રણ પાર કરવું પડતું. આવી રીતે રણ પાર કરવાના લીધે રણછોડ રણના જાણકાર એટલે કે ભૂમિયા બની ગયા. રણની દિશા અને રણમાં આવતાં ભૂવાના તેઓ ખૂબ સારા જાણકાર બની ગયા હતા.

રણછોડ પગી એક અંધારી રાત્રિએ ભીટૂના ધોરા પાસેથી રણમાં પસાર થઈ રહ્યા છે. એમનાં મનમાં સતત એક જ વિચાર આવી રહ્યો છે કે હું મારી પલટણને કેવી રીતે બચાવું? આ એ જ પલાણ છે જે ગુજરાતના નાના રણના કિનારેથી પાકિસ્તાનમાં પ્રવેશ ચુકી છે. ભારતીય ઈતિહાસનું મહત્વપૂર્ણ અને દક્ષિણ એશિયાનો નકશો બદલનારું આ ૧૯૭૧નું યુદ્ધ છે.ભીટૂના ધોરા પાસે પાકિસ્તાની સૈનિકો ઉપરના ભાગમાં હતા જ્યારે ભારતીય સૈનિકો જમીનના ઢોળાવમાં હતા. ત્યારે રાતનો સમય થઈ ગયો. અને ખુલ્લાં રણમાં કોઈ ગાડીઓ ચાલે તો પાકિસ્તાની તોપના નાળચાના નિશાને આવી જાય એવી ખરાબ પરિસ્થિતિ હતી. ત્યારે પણા લશ્કર પાસે દારૂગોળો ખૂટી ગયો અને કેપ્ટન સાધુસિંગ સાથે ચર્ચાવિચારણા અને ગુપ્ત કોડ નંબર સાથે રણછોડભાઈ ઠંડા રણમાં ગરમ મિજાજ લઈને ચાલતા થયા.

ભીટૂના ધોરાના બાજુના ગામમાં ધીરે પગલે રણછોડભાઈએ પ્રવેશ કર્યા. ઘણા બધા વાડા જોયા પછી એક વાડો એમને એટલા માટે પસંદ પડ્યો કે એમાં બે ઊંટ બાંધેલાં હતા. અને રખેવાળ આરામથી ઊંઘ ખેંચતો હતો. ધીરેક રહી વાડામાં પ્રવેશ કરીને કમરમાં બાંધેલા ચપ્પુથી ઊંટના ઘમણ કાપ્યાં. પછી બંને ઊંટ

લઈને એમણે તો ચાલતી પકડી. ઊંટને પણ એમણે પ્રાણીની ભાષામાં શી સમજ આપી કે જરા પણ આનાકાની કે અવાજ કર્યા વિના પગીજીની સાથે ગામની બહાર આવી ગયા.

પાકિસ્તાનની ધરતીના પાકા જાણકાર પગીજી બંને ઊંટ લઈને બોર્ડર પર આવેલા ભારતીય કેમ્પ પર પહોંચ્યા. સંગીએ તેમને કોડ પૂછ્યો. ઉત્તર મળ્યો ગંગા જમના તરત એમને અંદર લઈ જવામાં આવ્યા. તેમણે કેમ્પના વડાને પરિસ્થિતિથી વાકેફ કર્યા. પરિસ્થિતિ જોતા ભારતીય આર્મીએ હવાઈદળની માંગણી કરી. જામનગર એરપોર્ટ પરથી જવાબ આવ્યો કે સુરજનું પહેલું કિરણ પડશે એટલે યુદ્ધવિમાનો મદદમાં આવી જશે.ત્યાં સુધી ગમે તેમ કરી જીવતા રહો અને સામનો કરો.

પગીજી પોતાના બંને ઊંટના બોરામાં દારૂગોળો લઈને નીકળી પડ્યા. ભીટૂના ધોરા તરફ અંધારી રાતમાં સલામત રીતે પાકિસ્તાનીઓની આંખમાં ધૂળ નાખીને પગીજી પહોંચ્યા ભીટૂના ધોરે દારૂગોળો જોતાં આપણા સૈનિકોમાં નવું જોમ આવ્યું. બીજી ખેપ રણછોડજી પૂરી કરવાની તૈયારીમાં હતાં ને એક પાકિસ્તાની તોપનો ગોળો દારૂગોળો ભરેલા ઊંટ પર પડ્યો. એક ઊંટ ત્યાં ને ત્યાં મરી ગયો. પાકિસ્તાની ઊંટ ભારત માટે શહીદ થયો. એક બચેલો ઊંટ અને ઘાયલ રણછોડભાઈ ભીટૂના ધોરે આવ્યા. રણછોડભાઈના ડાબા હાથની કોણી પાસે એક છરો રહી ગયેલો. જે જીવનભર ત્યાં જ રહ્યો અને ૧૯૭૧ના યુદ્ધની યાદ અપાવતો રહ્યો.

સુરજ ઊગતાં સાથે જ ઈંડિયન એરફોર્સ પોતાની ગર્જના કરવાની શરૂ કરી દીધી. ભીટૂના ધોરા પર ફસાયેલાં આપણા સૈનિકોએ સફેદ કલરના ધુમાડા ફેલાય એવા બોમ્બ ફોડીને પોતાની હાજરી દર્શાવી.

ભારતીય સૈનિકોને બચાવીને એરફોર્સે કરેલા બોમ્બબાર્ડિંગના લીધે મિનિટોમાં તો પાકિસ્તાનીઓના છક્કા છોડાવી દીધા. ઘણા બધા પાકિસ્તાનીઓ સૈનિકો માર્યા ગયા ને માણેકશાએ ઓર્ડર આપ્યો "પગી કો બુલાવો".

૧૯૭૧નું યુદ્ધ પૂરું થવાની તૈયારીમાં હતું. આ યુદ્ધના આગેવાન ફિલ્ડ માર્શલ સામ માણેકશા હતા. ભારતની બંને સરહદે લડતા યુદ્ધ પર તેઓ નજર રાખી રહ્યા હતા. ફિલ્ડ માર્શલ સામ માણેકશાહના ધ્યાનમાં રણછોડભાઈનાં પરાક્રમ આવ્યાં અને ઓર્ડર છૂટ્યો પગી કો બુલાઓ એક ભરબપોરે સુઈગામ હેલિકોપ્ટર આવ્યું. પગી બાપુને લેવા પગી બાપુ ભારતના પશ્ચિમ છેડેથી છેક પૂર્વ ભારતમાં ઢાકા પહોંચ્યા. ઢાકાએ અઢી દાયકામાં ઘણો ઈતિહાસ જોઈ લીધો હતો. હવે તે એક નવા દેશ એવાં બાંગ્લાદેશની રાજધાની થવા જઈ રહ્યું હતું. મખમલ માટે વિશ્વપ્રસિદ્ધ શહેરમાં માદરપાટનો અઢીવટો પહેરીને પહોંચ્યા પગી બાપુ. જીતના જશ્ન માટે એક મોટી પાર્ટી રાખવામાં આવી. આ પાર્ટીમાં પગીજીના કહેવાથી નોન-વેજનો ઉપયોગ થયો ન હતો.

**સંદર્ભસૂચી:-**

1. પંડ્યા વિષ્ણુ, ડૉ.આરતી પંડ્યા, રાજકીય ગુજરાત અર્ધશતાબ્ધીની ધૂપછાંવ (૧૯૪૨ થી ૧૯૯૪) નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૯૪
2. અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, રાજગોર શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪

# નવનિર્માણ આંદોલનના મૂળભૂત કારણો

**ડૉ.માનસિંહભાઈ મેઘરાજભાઈ ચૌધરી**
આસિ. પ્રોફેસર, ઈતિહાસ
સરકારી વિનય કોલેજ, હરીજ

---

**રાજકીય કારણો :**

નવનિર્માણ આંદોલન માટે આ પહેલો તણખો કહેવાય છે. સરકાર માટે તો બોધપાઠ લેવા જેવી ઘટનાઓ જાણે કે બનતી જ નહોતી ! પેટા ચુંટણીઓએ કોંગ્રેસને બધે જ આંચકા આપવા માંડ્યા હતા. અમદાવાદની લોકસભાની ચૂંટણીમાં પુરુષોત્તમ ગણેશ માવળંકરના વિજય પછી પ્રજા મોડી રાત લગી ઉત્સાહના તરંગો પર શાને સવાર થઈ હતી ? સરદારની પુત્રી મણિબહેન પટેલનો વિજય કોને આભારી હતો. મંડવી કચ્છની વિધાનસભાની પેટાચૂંટણીમાં શાસક કોંગ્રેસ માંડ બચી તેની પાછળ શું પ્રજાકીય રોષની અભિવ્યક્તિ નહોતી ? આવા ઘણા બધા રાજકીય કાવા દાવા થયા હતા.

**શૈક્ષણિક કારણો :**

અધ્યાપકોનો મોટો વર્ગ નોકરીના અસંતુલનથી નારાજ હતો. નવાં શિક્ષણપ્રધાન આયશાબેગમ શેખ કોઈ પ્રશ્નોના યોગ્ય ઉકેલો આપી ન શક્યાં. ફી માફીના સવાલ પર આંદોલનો થતાં જ રહ્યાં. ત્યાં મોરબીની એન્જિનિયરીંગ કૉલેજે અસંતોષનો તણખો મૂક્યો. સત્તાવાલાઓએ અચાનક જ ફૂડ બિલ વધારી દીધું હતું. છોકરાઓને તે પોસાય તેમ ન હોતું. અને તોફાન થયું. દમન પણ થયું.

અમદાવાદની કૉલેજે લડતો આગળ ધપાવી. કેમ કે ત્યાં પણ આ જ ભૂલનું પુનરાવર્તન શિક્ષણતંત્રને સર્જ્યું હતું. છંછેડાયેલા વિદ્યાર્થીઓ અને પોલીસતંત્રના અશ્રુવાળુ વચ્ચે યુનિવર્સિટી કેમ્પસ ઘેરી ગયો. છેલ્લા બે વર્ષમાં આ બિલમાં ૪૪ ટકાનો વધારો થયો હતો.

**ભાવવધારો :**

છાત્રાલયમાં ભોજનબિલ વિશે સર્વેક્ષણ કર્યું. તો એમાં જાણવા મલ્યું કે ૫૨ ટકા વિદ્યાર્થીઓને એક જ ટંકનું ભોજન પરવડે છે. વધેલા ખર્ચને પહોંચી વળવા ૧૭ ટકા વિદ્યાર્થી લગભગ ૩૫ રૂપિયા જેટલું માસિક દેવું કરે છે. છેલ્લા બે વર્ષમાં આ બિલમાં ૪૪ ટકાનો વધારો થયો છે. આ દેખીતો ઘટનાઓ પછી તો ક્ષણજીવી રહી નહિ, જોતજોતામાં ગુજરાત ઝંઝાવાતમાં ડૂબી ગયું. વિદ્યાર્થીનો પ્રશ્ન જનતાનો પ્રશ્ન બની ગયો. પ્રજા અને નવતર પેઢી સાથે મળીને રણે ચડી.

આ લડાઈ ઘણી લાંબી ચાલી એમાં પ્રજાપક્ષે બધાં શસ્ત્રો અજમાવ્યાં. હિંસા અને અહિંસાની રેખા ભૂંસાઈ ગઈ. હડતાળ, બંધ, ઘેરાવ, ધરણાં, મોરચા, સભાથી ગુજરાત ગાજી ઊઠ્યું. શબ્દની સાથોસાથ પથ્થર પણ શસ્ત્ર બન્યો. લોકશાહી માર્ગથી અવળા રસ્તે પ્રજાજન દોડ્યું. એ તેની માનસિક અકળામણનો જ અધ્યાય હતો. આગ, લૂંટફાટ, પથ્થરબાજી જેવાં અતિ જાણીતા અનિષ્ટો ઊભરાઈ આવ્યા. થોડાંક અસામાજિક તત્વો માટે એ ગમતી વાત હતી. ટેલિફોનના થાંભલાઓ ઊખડ્યા. સરકારી ઈમારતો તૂટી અને ટોળાંશાહીના તરિકાઓ દેખાયા. ક્યાંક લૂંટફાટ રોકવાનો રાજકીય કાર્યકરોએ પ્રયાસ પણ કર્યા અને એમાં સફળ થયા. કેટલીક જગ્યાએ પોલીસ આવ્યા પછી જ લૂંટફાટ થઈ. ઘણાં એવાં સ્થાનો પણ છે કે ત્યાં લૂંટ નથી થઈ.

માત્ર વસ્તુઓ બાળવામાં આવી છે. ક્યાંક ઉચ્છૃંખલ પણ રમુજી પરિણામો પણ આવ્યા. એક જગ્યાએ ભાવવધારા સાથેની ફરસાણ અને પીણાંઓની દુકાને યુવાનો ગયા. સસ્તા ભાવે પીણું અભડાવાની માગણી કરી. એ માન્ય ન થયું તો લૂંટફાટ અને પથ્થરબાજી ભોજનાલયોમાં ઘટાડેલા ભાવોનાં પાટિયા આંદોલન પછી લટકતાં થયાંયે ખરાં ?

નવનિર્માણ વખતે પડદા પાછળના જવાબદાર કારણો :

હા, વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને રાજકીય પક્ષો નવનિર્માણ સમિતિમાં તેઓ અગ્રેસર હતા. પરંતુ સાખ સ્પષ્ટ હોય તો સર્વસંમત નેતૃત્વનો આ દિલાસો આંદોલનમાં અભાવ રહ્યો.

નવનિર્માણ આંદોલનની વિશેષતાઓ :

સૌપ્રથમ નેતૃત્વવિહીન ગુજરાતે આવડું વ્યાપક આંદોલન ખેલ્યું હતું. તેથી રાજકીય અભ્યાસીઓ માટે રસપ્રદ વિષય બની શકે તેમ છે.

પૂતળાઓનું દહન કરાયું.
મુખ્યમંત્રીના મગજનું ઓપરેશન થયું.
આંદોલન વખતે ઘણા બધા કાર્યક્રમો થતાં તે વિગતવાર અભ્યાસ કરવા જેવો છે.
અસ્થિવિસર્જન કરાયાં.
અશ્વમેઘ યજ્ઞ દ્વારા ધારાસભ્યોની આહુતિ અપાઈ.
સાંજ પડ્યે મૃત્યુઘંટ વાગ્યો.
વિદ્યાર્થિનીઓએ વલણ અને ધોકો મુખ્યમંત્રીને ભેટ આપ્યાં.
બંગડીઓ પ્રાંતિક બની એક શહેરથી બીજી શહેર આંદોલન ચલાવવા મૂકવામાં આવી.
ધારાસભ્યોને મહિલા વસ્ત્રો અપાયાં.
છાંજિયાં લેવાયાં.
વાહનો પર સૂત્રો લખાયાં.
સરકારી વાહનો હાઈજેક થયા.
ખોપરી-સરઘસો નીકળ્યા.
મોં પર 'મીસા'ની પટ્ટીઓ લગાવીને યુવક યુવતીઓ નીકળ્યા.

**સંદર્ભસૂચી**

1. ગાંધી કલ્પના નગીનદાસ, નવનિર્માણ આંદોલનમાં વિધાર્થીની ભૂમિકા, ૧૯૭૫
2. પંડ્યા વિષ્ણુ, ડૉ.આરતી પંડ્યા, રાજકીય ગુજરાત અર્ધશતાબ્ધીની ધૂપછાંવ (૧૯૪૨ થી ૧૯૯૪) નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૯૪
3. સાધુ કિશોર, મહાગુજરાત આંદોલન અને ગુજરાતી અખબારી એક અધ્યયન, ૨૦૧૦

# દાહોદ જિલ્લાના આદિવાસીઓમાં હોળીની પરંપરા

**ડૉ.રાજેશકુમાર વી. ભાભોર**
આસિ.પ્રોફેસર (ઈતિહાસ વિભાગ)
નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ
દાહોદ.

---

લોકઉત્સવોનો એક પ્રકાર એટલે તહેવારો. તહેવારો પ્રકૃતિ અને પરિસ્થિતિ પ્રમાણે માનવહ્રદયનાં આનંદોલ્લાસમાંથી સ્વયં પ્રગટ થાય છે. દાહોદના આદિવાસીઓમાં હોળી, દિવાળી, અખાત્રીજ જેવા તહેવારો મોટા તહેવારો માનાય છે. આવા તહેવારો વખતે મેળાઓ પણ ભરાય છે. જેમાં ચાડીયાનો મેળો, ગોળગધેડાનો મેળો, ચૂલાનો મેળો જાણીતા છે. હોળી એ સૌથી મોટો તહેવાર ગણવામાં આવે છે. આ તહેવાર વખતે ગુજરાતના અલગ અલગ ખૂણે મજુરી કરવા ગયેલ આદિવાસી ભાઈઓ પોતાના માદરે વતન પાછા ફરે છે. અને પોતાની આગવી પારંપરા રીતે હોળીનો તહેવાર ઉજવે છે. તહેવાર સમયે પોતાના સગાં-સંબંધીઓને તેડવાનો રીવાજ પણ જોવા મળે છે. જેવા કે, ફોઈ, બહેન, ભાણીયા વગેરે.

હોળી અગાઉ એટલે કે મહા સુદ ૧૫ને દિવસે જ્યાં હોળી બાળવામાં આવતી હોય ત્યાં એક વાંસનો ડાંડો રોપવામાં આવે છે. ફાગણ સુદ ૧૫ ને હોળી ત્યાં બળે છે. આ એક મહિનાના સમય ગાળા વચ્ચે દરેક ગામમાં ઢોલ આખી રાત સુધી વગાડવામાં આવે છે. અને લોકો નાચે છે. હોળીના લાકડા દરેક ઘરેથી લાવવામાં આવે છે. સાથે સાથે છાણથી બનાવેલા હાર પણ હોળી ઉપર ચઢાવવામાં આવે છે. હોળીના દિવસે ઘણાખરા લોકો ઉપવાસ પણ કરે છે, હોળીના દર્શન કર્યા બાદ નારિયેળ હોળીમાં હોમીને જામે છે. આ સમયે ગામના લોકો ફળિયા પ્રમાણે ઢોલ સાથે આવે છે અને ઢોલ વગાડતા વગાડતા હોળીની ફરતે નાચે છે. હોળીના દિવસે ઢેબરા પણ બનાવવામાં આવે છે. ઢેબરા બનાવવા જે કઢાઈનો ઉપયોગ કરવામાં આવે છે તેની પાછળ માટી અને સિમળાના ઝાડની છાલ વાટી લેપ બનાવી લગાવવામાં આવે છે. જેથી કઢાઈ અંદરનું તેલ ઓછુ બળે. અને દરેક ઘરેથી ઢેબરા લાવીને તેનું પૂજન કરવામાં આવે છે. એટલે કે, પૂર્વજોને અર્પણ કરવામાં આવે છે.





તથા ગીતોની રમઝટ મચાવી આનંદ માળે છે. હોળી જ્યારે પ્રગટે છે, ત્યારે તેની જ્યોત કઈ દિશામાં છે. તથા તેનો ડાંડો કઈ દિશામાં પડયો, તેના આધારે વરસાદની આગાહી કરવામાં આવે છે. આ દિવસે શેઠ કે

શાહુકારોને ત્યાં થી 'ગોઠ' લેવાનો રિવાજ વધુ છે. પરંતુ હવે રોડ ઉપર જતાં દરેક વ્યકિત પાસે ગોઠ લેવામાં આવે છે. હોળીના દિવસે ઝગડા, તકરારો થવાનો સંભવ વધારે રહેલ છે. સવાર થયા પછી આખા ગામની સ્ત્રીઓ પાણી લઈ જઈને હોળીને ઠંડી પાડે છે



આદિવાસીઓ માટે મેળો એવું અમૃતરૂપ છે કે, જેના નામ માત્રથી આદિવાસીઓમાં આનંદ છવાઈ જાય છે. હોળીના બીજા દિવસે એટલે કે ધુળેટીના દિવસે ગરબાડા તાલુકાના ગાંગરડી અને ઝાલોદ તાલુકાના રણીયાર ગામે 'ચૂલ'નો મેળો ભરાય છે. આ દિવસે સવારમાં નેવોજ (નિવજ) કરવામાં આવે છે.



બપોર સુધી લોકો ધીરે ધીરે ભેગા થાય છે. લોકવાયકા પ્રમાણે ગામનો પટેલ કે મુખી ઉપવાસ કરે છે. બે દિવસ સુધી તમામ રોજિંદી પ્રવૃતિઓ બંધ કરી દેવામાં આવે છે. જેમ કે બે દિવસ સુધી ચંપલ ન પહેરવા,

ખાટલા પર ન બેસવું વગેરે. બીજી એક લોકવાયકા પ્રમાણે મુસલમાનોના આક્રમણોથી બચવા માટે પવાગઢથી ખડક લાવેલ છે. જે ખડકને નવરાત્રીનાં નવ દિવસ અખંડ ઉપવાસ રાખીને મહાકાળીમાતાના

મંદિરે જવારા વાવેલા હોય ત્યાં રાખવામાં આવે છે. આ ખડકને નવ દિવસ પછી ઘરે લાવવામાં આવે છે. અને મ્યાનમાં મુકવામાં આવે છે. ચુલના દિવસે આ ખડક બહાર કાઢવામાં આવે છે. આ મેળાની વિશેષતા એ છે કે, ત્રણ ફૂટ લાંબો, એક ફૂટ પહોળો અને દોઢ ફૂટ ઊંડો ખાડો કરવામાં આવે છે. આ ખાડાને 'ચૂલ' કહેવામાં આવે છે. આ ખાડામાં બાવળના લાકડા સળગાવીને અંગારા કરવામાં આવે છે. આ પ્રસંગે આદિવાસી સ્ત્રી-પુરુષો હાથમાં નારિયેળ લઈને પાણીનો લોટો લઈ ઉઘાડા પગે ચૂલામાં ચાલીને પોતાની માનતા પૂરી કરે છે. સંપૂર્ણ શ્રદ્ધા સાથે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરતાં આદિવાસીઓ અંગારા ઉપર ચાલીને બહાર નીકળી જાય છે. છતાંય કોઈના પગ સહેજ પણ દાઝતા નથી. આ પ્રસંગે લોકો પોતાના બાળકો અને ઢોરોનાં રક્ષણ મારે અગ્નિદેવની બધા રાખે છે. ચુલના મેળામાં અહીંના આદિવાસીઓ ઢોલ નગારા સાથે મન મુકીને નાચે છે.



આ મેળામાં ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ તથા સ્થાનિક આદિવાસી જ્ઞાતિના લોકો વિશેષ પ્રમાણમાં આવે છે. મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો ઢોલના તાલે નૃત્ય કરે છે. મેળામાં હિંચકા, ચકડોળ, લોકગીતો, નૃત્ય આકર્ષણનું કેન્દ્ર બને છે.

સંદર્ભ:-

1. પાંડુરંગ વણીકર, ગુજરાતના પંચમહાલ જિલ્લાના ભીલો,દાહોદ.
2. સુરેશ પટેલ, પંચમહાલ જિલ્લાના આદિવાસી મેળાઓ, ગોધરા.
3. ગુજરાતના મેળાઓ અને ઉત્સવો, માહિતું ખાતું, ગાંધીનગર.
4. સંશોધનના કાર્ય ક્ષેત્રના આધારે.

# ADOLESCENT: PSYCHOSOCIAL OVERVIEW

**Dr. Krutika Shah**
Assistant Professor in Psychology
Navjivan Arts and Commerce College, Dahod

## ABSTRACT


Adolescents are the future of the world. For adolescent empowerment, the significant impact on future endeavours is very crucial in the globe. There are so many important aspects of the period of adolescence and it has been a crucial need to cultivate their behaviour, mindset, ideas, personality, temperament, attitudes, and more. It's our duty to empower and do affirmative action from the grassroots level to enhance their capacity, capability, and strengths globally.

## 1. INTRODUCTION:

"Adolescence" is defined as a stage of transition from childhood to adulthood. It is from the Latin word "Adolescere", which means "to grow, to mature". It is a significant transition between childhood and adulthood. Although not universally accepted, WHO has defined it as spanning between 10 to 19 years in age.

The number of adolescents worldwide has increased to 1.3 billion, accounting for 16% of the global population. Adolescents, who are described by the United Nations as being between the ages of 10 and 19, go through a period of transition between childhood and maturity, which is accompanied by tremendous growth and development. In India, there are 253 million teenagers between the ages of 10 and 19. Over 16% of the world's population is comprised of adolescents aged 10 to 19.

***Graph 1. Adolescents Population in India***



The availability of information and awareness of its different aspects, including psychological, historical, social, and cultural contexts, are necessary for a complete understanding of adolescence in a culture. Teenagers' capacity to comprehend, value, and assimilate the experience and expertise of adults differs from person to person. Therefore, it is essential to perform well-planned investigations and research in order to comprehend the various troubling concerns associated with the stage of adolescence. A key component of successfully developing our teenagers to be physically and psychologically sound adults is the effective application of the findings and recommendations of such studies and research. Adolescence is therefore regarded as a key period in human development that requires the greatest amount of parental love, support, and understanding.

***The main difficulties of adolescence.***

- ***Attaining both sexual and biological maturity.***

| | Biological | Psychological | Social |
|---|---|---|---|
| **Early adolescence** | Girls are experiencing a growth spurt and developing breast buds; boys are experiencing testicular enlargement and genital development. | The development of a personal identity (sexual orientation); the possibility that homosexual peers may be interested; and reevaluating one's body image are some of the things affecting the development of a personal identity. | Separation from parents on an emotional level, the beginning of a strong peer identity, and early risk-taking behaviors (such as smoking and violence) |
| **Mid-adolescence** | In girls, mid-late puberty and the end of growth spurt occur; menarche occurs; women's bodies develop with fat deposits. In boys, mid-puberty occurs and spermarche occurs. | Growing verbal abilities; identifying morality with law; fervent ideology (religious, political). Abstract thinking but self is still seen as "bullet-proof". | Inclusion of heterosexual peers; emotional separation from parents; strong peer identification; increased health risk (smoking, drinking, etc.); early vocational planning |
| **Late adolescence** | As boys age, they continue to gain muscle bulk and grow hair on their bodies. | Thinking in abstract terms, distinguishing law from morality, increasing impulse control, developing personal identity, and rejecting religion and politics | An individual's ability to socialize and develop intimate relationships, as well as to develop vocational capability and financial independence |

- The formation of a unique identity.
- The emergence of close sexual relationships with suitable peers
- The development of autonomy and independence within the sociocultural milieu.

## 2. DEVELOPMENT OF ADOLESCENCE:

## 3. PSYCHOSOCIAL DEVELOPMENT:

Erikson thought that developing an identity was the main psychosocial job of adolescence. Teenagers have trouble answering the question "Who am I?" This includes inquiries on their physical characteristics, vocations and aspirations, education, love lives, sexual orientation, political and social beliefs, personalities, and interests. Erikson perceived this as a time of uncertainty and experimentation with one's identity and course in life. If this stage is not successfully overcome, the person may either withdraw even further into social isolation or end up "lost in the crowd," as the expression goes. Recent studies, however, indicate that few people reach this age with a fully formed identity and that most identity building takes place in adolescence.

- **Psychosocial conflict:** Identity vs. role confusion
- **Major question:** "Who am I?"
- **Basic virtue:** Fidelity
- **Important event(s):** Social relationships

### *3.1. ADOLESCENCE'S SOCIAL CHANGES:*

**3.1.1. Identity**: Young people are occupied determining their identities and places in the world. Your youngster may be experimenting with new hobbies, friendship groupings, music genres, fashion trends, and subcultures. During these formative years, your child's decisions may be influenced by friends, family, the media, and culture.

**3.1.2. Independence**: The youngster will likely want more freedom in the areas of how they travel and go, how they spend their time and who they spend it with, and how and what they spend their money on. Your family's routines and connections, as well as your child's friendships, will undoubtedly change as the youngster develops greater independence.

**3.1.3. Responsibility**: The adolescents could be eager to assume greater accountability at home and in the classroom. The school council or cooking dinner once a week are only two examples of what this may entail. You might occasionally need to promote a shift toward greater accountability.

**3.1.4. New experiences**: Adolescents are likely to seek out new experiences, particularly risky ones. This is typical when the young person tests both your established limits and their own capabilities. Additionally, adolescents need to

express themselves uniquely. However, due to the way adolescent brains develop, your child may occasionally have trouble weighing risks and consequences before making a decision.

**3.1.5. Values**: Adolescents is now beginning to form a more solid personal foundation of principles and values. Adolescents will ask more questions. Your actions and words have an impact on how adolescent perceives right and wrong.

**3.1.6. Influences**: Adolescents' friends and classmates can affect their behavior, appearance, interests, sense of self, and self-esteem. Parents still have significant influence on long-term issues such as adolescent career choices, values, and morals.

**3.1.7. Sexual identity:** Adolescents may begin to date or have romantic interactions. However, these aren't always close friendships. Some young people wait until later in life to have intimate or sexual relationships.

**3.1.8. Media:** How your youngster communicates with peers and learns about the world might be impacted by the internet and social media. They come with a number of advantages for your child's social development as well as potential risks. The greatest method to guard your child from social media hazards and maintain their online security is to have a conversation with them.

***3.2. ADOLESCENCE'S EMOTIONAL CHANGES:***



**3.2.1. Moods and feelings**: Adolescents may exhibit strong emotions and powerful feelings, and their moods may appear erratic. The brain of your youngster is still learning how to regulate and express emotions in a mature manner, which contributes to these emotional ups and downs.

**3.2.2. Sensitivity to others**: Adolescents will get better at identifying and understanding other people's emotions as they get older. Adolescents may occasionally misread body language or facial expressions as they master these skills. This suggests that they could need help understanding how other people are experiencing.

**3.2.3. Self-consciousness**: How teenagers feel about their appearance frequently has an impact on their self-esteem. Your youngster may get self-conscious about

their appearance as they grow. Your child may also make physical comparisons with peers and pals.

**3.2.4. Decision-making**: Teenagers may go through a stage where they frequently behave without thinking. The ability to make decisions is still growing in adolescents, and they are still learning that choices can have risks or negative outcomes.

## 4. PSYCHOLOGICAL CHANGES:

The psychological changes of adolescence include the appearance of new cognitive structures (e.g., the ability to think abstractly) and introspective ability, the establishment of moral values and norms, and a coming to terms with the developmental tasks that are specific to this period of life, as discussed in the article by Herpertz-Dahlmann et al.

- For girls before the age of eight, and for boys before the age of nine, puberty is considered early.
- If there are no signs of puberty by the ages of 13 for girls and 14 for boys, puberty is deemed to have occurred late.


Children's **self-esteem and body image can be affected if puberty is early or late**.

***Psychological effects of timing of puberty***

| | Early puberty | Late puberty |
|---|---|---|
| **Biological** | Taller than peers yet at risk of becoming short | Osteoporosis; short stature but should eventually grow to a normal height |
| **Psychological** | Psychological impacts that are favourable for boys (increased self-esteem) and unfavorable for girls (poor self-esteem) | Low self esteem in boys; no major problems in girls |
| **Social** | In contrast to peers, and while still a child, viewed as an adolescent | Treated as being younger than their actual age by adults and peers; trouble leaving home and finding employment |

## 5. PHYSICAL DEVELOPMENT:

Rapid physical change, such as puberty, the pubertal growth spurt, and associated maturational changes in other organ systems, provide as a backdrop for psychological development. Boys and girls experience the same stages of development of secondary sex traits.




## 6. CONCLUSIONS:

Adolescence is the most important period of all humankind. The major parameters of the adolescent's stages are very crucial and important for their development. Every stage has its own importance towards the development of emotions, behaviours, personality traits, and temperament of behaviour and it is important to focus more attention on their growth and development. Mature adolescents are the most important key elements to make a future concrete personality; therefore adolescents are the turning point of their future life cum endeavour. In this context, do better actions for our future generations and integrate the country's development too.

## 7. BIBLIOGRAPHY:


- Augustine, D., & Kumar, A. (2016). Lifestyle patterns and its association to perceived social support and self efficacy in adolescent's lifestyle. *Int J Indian Psychol, 4,* 69-79.
- Bhat, B. A. (2018). A Study of Psychological Well-Being of Adolescents in Relation to School Environment and Place of Living. *Online Submission*, 7, 605-613.
- Bohon, S., Johnson, M., & Gorman, B. (2006). College aspirations and expectations among Latino adolescents in the United States. *Social Problems*, *53*(2), 207–225.
- Bridging the gaps: healthcare for adolescents. (Report of the joint working party on adolescent health of the royal medical and nursing colleges of the UK.) London: Royal College of Paediatrics and Child Health, 2003.
- Neinstein L. S. (2002). Adolescent health care: a practical guide. 4th ed. Baltimore: Williams and Wilkins.
- Strasburger V. C, Brown R. T. (1998). Adolescent medicine: a practical guide. 2nd ed. Philadelphia: Lippincott-Raven.

# Legal Provisions of Right to Education

**Sunilkumar.S Salaniya**
Assistant Professor
Shri Indubhai Seth Law Collage Dahod

---

**Introduction:**

According to the guiding principles of the Constitution of independent India, Article 45, we had to make such efforts, so that all children in the age group of 6 to 14 years get free primary education. The New Education Policy of 1986 followed by ambitious schemes like the District Primary Education Program (DPEP) helped boost our efforts. After the success of various schemes, Sarva Shiksha Abhiyan was implemented across the country from 271. Thus, the Right of Children to Free and Compulsory Education Act 2009 was enacted by the Parliament to make a collective effort for the primary education of children and to ensure accountability at that level.

Some Important Resolutions of the Government:

Under the Right to Education Act, some important provisions have been made for primary education. Based on these provisions, the state government has made some important resolutions. A look at these resolutions...

1. No child shall be subjected to physical punishment or mental harassment or mental torture.
2. 220 working days and at least 800 hours of educational work per year for classes 1 to 5 during the academic year.
3. 220 working days and at least 1000 hours of academic work per year for grades 6 to 8 during the academic year.

Right against Exploitation in Indian Constitution:

Human trafficking and other forms of forced labor are prohibited. And contravention of this provision shall be an offense punishable by law. This Article shall not prevent the State from providing compulsory service for public purposes and there shall be no discrimination in providing such service on the basis of religion, caste, caste or any other reason.

Right to Education:

The State shall provide free and compulsory education to every child between six and fourteen years of age, within the State's capacity, to be determined by law.

Prohibition of Employment of Children in Factories etc. Act:

Children below the age of fourteen shall not be employed in any factory or mine. Also cannot be engaged in any other hazardous work.

Freedom regarding religious education or attendance at religious worship in institutions:

1. No religious education of any kind can be imparted in an educational institution fully funded by the state.
2. Nothing in clause (1) shall apply to an educational institution administered by the State but established under an endowment or trust making religious education compulsory.

Secular and educational rights. [CULTURAL AND EDUCATIONAL RIGHTS] Protection of interests of minorities:

Any section of the citizens residing in the territory of India and any part thereof and having their own separate language script or culture shall have the right to retain it.

Right of citizens to establish and administer educational institutions:

The State cannot discriminate against an educational institution in granting grants-in-aid to educational institutions on the ground that it is under the administration of a minority based on religion or language. Everyone has the right to demand equal law. But if a law of this is passed, it can be a counter representation to the unity of the nation Pannalal Bansilal Patil. Vs. State of Andhra Pradesh A, I.R. 1996 SC, 1023.

Provision of free and compulsory education for children:

The State shall endeavor to provide for free and compulsory education to all children till they attain the age of fourteen years within a period of ten years from the commencement of this Constitution.

An Act for Advancement of Economic Interests of Scheduled Castes, Scheduled Tribes and Other Weaker Sections:

The State shall take special care to promote the educational and economic interests of the weaker sections of the people and especially the Scheduled Castes, Scheduled Tribes and shall protect them against social justice and all forms of exploitation.

**Need for awareness in society:**

The Free and Compulsory Education Act 2009 has been introduced to ensure that every child in India gets primary education. But till now this law could not be strictly implemented. The Hon'ble Supreme Court has observed that the right to education is a fundamental right under Article-21 of the Constitution. In fact, a citizen is said to be free only when he can meaningfully challenge the efforts of the state government or other citizens of the society to violate his natural liberties. To do this, it is very important for him to have the power of education. Without it, sometimes such citizens can neither develop knowledge or awareness about their rights nor

implement them through any means. Under this law, the class of children to whom this law is to be applied.

To spread awareness of the RTE-2009 Act in the society, if the following efforts are made by the government and other educated citizens, the affected people of the Act can really be reached.

Organizing discussion sessions on RTI in functions like school entrance festival, gunotsav and parent convention.

At the village level, awareness about RTE can be spread by organizing programs like 'Village Thieves' and 'Khatla Parishad'.

In the digital age, public awareness can be spread by creating RTE and related applications in the smart phones of parents.

Public awareness can be created by conducting lectures by educators and academicians.

**Laws relating to Education in India:**

Laws related to education have been made before independence and even in present times. And it is also being implemented. We have tried our best to list here the states which have legislated to make education free and compulsory. But this list is not complete.

1. Bombay Elementary Education Act, 1947.
2. The Himachal Pradesh Compulsory Primary Act, 1953
3. The Kerala Education Act, 1959.
4. The Punjab Primary Act, 1960.
5. Delhi Primary Act, 1960.
6. Compulsory Primary Act, 1961.
7. The Karnataka Compulsory Education Act, 1961.
8. The Elementary Education Act, 1961.
10. The Assam Primary Education Act, 1962.
11. The Rajasthan Primary Education Act, 1964,
12. The West Bengal (Rural) Primary Education (Working) Provision Act, 1969.

Three main parts of this Act:

(A) Enforcement of the Act by the State Government in polluted areas.

(B) Failure to send or admit children to school includes punishment or fine and imprisonment.

(C) Statutory powers vested in the Authority to exempt labour.

Protection of Child Rights:

National Commission for Protection of Child Rights, 2005 :

A National Commission or a State Commission shall review the safeguarding of rights conferred by or under this Act for the protection of the rights of children and make effective recommendations in the interest. The Commission may

also exercise the powers delegated to it regarding proof of age and duties of teachers and hearing grievances.

National Advisory Council:

The Central Government shall, by notification, constitute a National Advisory Council of such number of members as may be deemed necessary but not exceeding fifteen, and from among such persons shall be selected who have extensive experience and interest in the field of primary education and development.

3. State Advisory Council:

The State Government shall, by notification, constitute a National Advisory Council of such number of members as may be deemed necessary but not exceeding fifteen, and from among such persons shall be selected who have extensive experience and interest in the field of primary education and early childhood development.

Conclusion:

Fundamental right to education is given in Indian constitution. Educational and legal provisions are made. National and State Advisory Councils have been formed to protect the rights of the child. Thus getting education is a fundamental right. Education is necessary and necessary for change in society.

**Reference :**

Indian Constitution Law, Prof. D.B. Nayak, University Library Board Gujarat State
Right to Education, M.H.R.D
Right to Education, S.S.A
Human Rights in Children, Booklet published by Yogakshem Shibir Tra
Right to Education, Dr. Rakishnapal Malik, S.B.D. publication
Elementary Education and Laws, Yogkshem Manav Gorav Sansthan - New Delhi
WWW.Sodhganga.com
WWW.Right to education.org.